શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

RNI NO. 6304 / 62

# પંચોલી નવયુગ




ડિસેમ્બર-૨૦૧૭ અંક - ૧૨
વર્ષ ૫૪ સળંગઅંક ૪૪૭
માસિક કિંમત-૧૦ વાર્ષિક લવાજમ-૧૦૦/-રૂા.

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : મલયકુમાર દિનેશકુમાર મિસ્ત્રી
Email : infospssmm@gmail.com
Web site : www. pancholisamaj.org



# ક્રિકેટ મહોત્સવ - ૨૦૧૮

**શ્રી સુરત સમસ્ત પંચ અને શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ દ્વારા**

આયોજીત



## ‘મહા ક્રિકેટ મહોત્સવ-૨૦૧૮

નું આયોજન કરવાનું વિચારી રહ્યા છે.

જે એકમો સદર ક્રિકેટ મેચમાં પોતાના એકમ તરફથી ટીમ મોકલવા માંગતા હોય

તેઓએ માનદ્ મહામંત્રી **શ્રી નિશિકાંતભાઈ બી. પંચોલી**

૩૩, દેવદીપ સોસાયટી, સરગમ શોપીંગ સેન્ટરની સામે,

પાર્લે પોઇન્ટ, સુરત - ૩૯૫ ૦૦૭

email : infospssmm@gmail.com

ને ફેબ્રુઆરી મહિનાના અંત સુધીમાં લેખિત જણાવવાનું રહેશે..

સુરત એકમ સાથે વિશેષ ચર્ચા - વિચારણા કરી વધુ માહિતી નવયુગમાં પ્રકાશિત કરવામાં આવશે..

હેમંતભાઇ સી. મિસ્ત્રી-પ્રમુખ
નિશીકાંત બી. મિસ્ત્રી-માનદ્ મંત્રી
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

મુકેશભાઇ કે. પંચોલી-પ્રમુખ
ધવલભાઇ જે. પંચોલી-મંત્રી
શ્રી સુરત સમસ્ત પંચ

ઉમેશભાઇ બી. પંચોલી-કન્વીનર ક્રિકેટ મહોત્સવ





# મહિલા સંગઠન

વિક્રમ સંવત ૨૦૭૪નું વર્ષ શરૂ થઇ ગયુ છે. બધી બહેનોનો દિવાળી થાક ઉતરી ગયો હશે. નવયુગના દિવાળી અંકમાં જણાવ્યા મુજબ બધા મહિલા મંડળ કાર્યરત થઇ ગયા હશે. સપ્ટેમ્બરમાસમાં આપેલ બધા પ્રોજેક્ટ બધા મહિલા મંડળે પૂર્ણ કર્યા હશે બાકી હોય તો ડિસેમ્બર માસમાં પૂર્ણ કરશો..

જાન્યુઆરી-૨૦૧૮થી શરૂ થતાં નવા વર્ષ માટેના ૬ માસના પ્રોજેક્ટ માટે તૈયાર થઇ જાઓ અને હા ! તમારા પ્રોજેક્ટના અહેવાલ મહિલા સંગઠન અને પંચોલી નવયુગ પર મોકલવાનું ભૂલશો નહીં. જેથી સમાજના બીજા મહિલા મંડળો તમારી પ્રવૃત્તિથી વાકેફ રહે અને નવા નવા કાર્ય કરવા પ્રોત્સાહિત થાય. તો


ચાલો નવા પ્રોજેક્ટ નોંધી લો....

૧ પ્રજાસત્તાકદિનની ઉજવણી
૨ એક દિવસીય પ્રવાસ
૩ આઠમી માર્ચ મહિલા દિનની ઉજવણી
૪ કોઇક સંસ્થાની મુલાકાત
૫ ગુજરાત સ્થાપ્નાદિનની ઉજવણી
૬ પર્યાવરણ દિન નિમિત્તે વૃક્ષારોપણ

અત્યાર પૂરતું આટલું જ બાકીના પ્રોજેક્ટ જૂનમાસના પંચોલી નવયુગમાં.. અરે હાં ! તમે આ પ્રોજેક્ટ ઉપરાંત પણ કોઇક નવા પ્રોજકટ કરી અમને જાણ કરી શકો છો... આનંદ થશે..

તો મળીએ તમારા પ્રોજેક્ટ સાથે...

શોભાબેન કે. મિસ્ત્રી-અભ્યક્ષા
જ્યોતિબેન એસ. પંચોલી-કો-ઓર્ડીનેટર
મહિલા સંગઠન



**Parth Mahendra Pancholi**

Birth Date: 17 June 1994

**Bachelor of Computer Science**

**University of Waterloo, Canada (April 2017)**

Job – Software Engineer, Thomson Reuters Corporation

# Congratulations...

## શુભેચ્છક

સ્વ. જમનાદાસ ગોકળદાસ પંચોલી
માનનીય શારદાબેન જમનાદાસ પંચોલી
સ્વ. પ્રફુલભાઈજમનાદાસપંચોલી
માનનીય લતાબેન પ્રફુલભાઈ પંચોલી
સ્વ. દીપકભાઈ જમનાદાસ પંચોલી
માનનીય સુષ્માબેન દીપકભાઈ પંચોલી
શ્રી નરેશભાઇ જમનાદાસ પંચોલી
શ્રીમતી આશાબેન નરેશભાઇ પંચોલી
શ્રી મહેન્દ્રભાઈ જમનાદાસ પંચોલી(કેનેડા)
શ્રીમતી ધર્મિષ્ઠા મહેન્દ્રભાઈ પંચોલી
સ્વ. મહેશભાઈ ધીરજભાઈ પંચોલી
માનનીય છાયાબેન મહેશભાઈ પંચોલી
તથા સમગ્ર પરિવાર (વ્યારા)

# Happy Silver Jubilee Marriage Anniversary



**શ્રીમતિ ધર્મિષ્ઠાબેન તથા શ્રી મહેન્દ્રભાઈ જમનાદાસ પંચોલીએ**
**લગ્ન જીવનની સીલ્વર જયુબીલી તા. ૭ મે-૨૦૧૭ના રોજ પૂર્ણ કરવા બદલ હાર્દિક શુભેચ્છાઓ**

**શુભેચ્છક : સ્વ. શ્રી જમનાદાસ ગોકળદાસ પંચોલી તથા સમસ્ત પરિવાર**

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

ડિસેમ્બર-૨૦૧૭

તમસો માં જ્યોતિર્ગમય

રજી. નં.: A/1822 ભરૂચ

RNI NO. 6304 / 62

**-: પ્રકાશન સ્થળ :-**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઇલ્સ સામે, તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૩,૦૦૦/- |
| કલર પેજ (ફકત દિપોત્સવી અંક) | રૂા. ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. ૮૦૦/- |
| પા પેજ | રૂા. ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| **માસિક** | **રૂા. ૧૦/-** |
| **વાર્ષિક લવાજમ** | **રૂા. ૧૦૦/-** |

# તંત્રી નોંધ.....





સુજ્ઞ જ્ઞાતિજનો,

કુશળ હશો....

દિવાળી આવવાની... દિવાળી આવવાની આપણે રાહ જોતા હતાં અને કયાં આવી અને કયારે જતી રહી ખબર પણ ન પડી.. આજના આ કમ્પ્યુટર યુગમાં સમય કયાં પસાર થઇ જાય છે ખબર પડતી નથી..

દિપોત્સવી અંક આપને મળી ગયો હશે... આપે એને માણ્યો હશે અને પાછળની અનુક્રમણિકામાં આપનું ગામ કે આપનું નામ છે કે નહીં તેપણ જોયું હશે... કહેવત છે ને 'જાગ્યા ત્યાંથી સવાર' આ નવયુગ મળે આવતા માસે આપણને ફરી એક જાહેરાત આપવાનો ચાન્સ મળશે કારણ કે જાન્યુઆરીમાં ફરી નવુ વર્ષ આવી રહ્યું છે... તો આ તક રખે ચુકી જતાં....

પંચોલી સમાજ યુકે. ૫૦ વર્ષની ગોલ્ડન જયુબીલીની સફર પૂર્ણ કરી... એ માટેના અભિનંદન... પરદેશમાં જઇને દેશના જ્ઞાતિજનોની ચિંતા કરતા જ્ઞાતિજનો એટલે....પંચોલી સમાજ યુકે.ના.. સુંદર સમાજ સેવાના કાર્યોથી મહેકતાં... એટલે પંચોલી સમાજ યુકેના જ્ઞાતિજનો.. ખૂબ ખૂબ અભિનંદન સહ ડાયમન્ડ જયુબીલીની સફર આનાથી પણ વધુ સુંદર બની રહે એવી હાર્દિક શુભેચ્છાઓ..

ચૂંટણી આવી રહી છે.. આથી જ્ઞાતિવાદ, જાતિવાદ, કોમવાદ અને ઉંચ-નીચના ભેદભાવ ભુલીને ધારાસભ્ય નહીં પણ સારા સભ્યને ચૂંટીયે... તો ચાલો મતદાન અવશ્ય કરીએ અને લોકશાહીને બચાવીએ....

દિનેશભાઇ એમ. મિસ્ત્રી - તંત્રી
મલયકુમાર ડી. મિસ્ત્રી-સહતંત્રી
પંચોલી નવયુગ

# પ્રમુખ નોંધ.....

શ્રી હેમંતકુમાર સી. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ



વ્હાલા જ્ઞાતિજનો, વડીલો, મહિલાઓ અને યુવા મિત્રો

ઉજાશના પર્વ દિવાળીની સમાપ્તિને સંગ, આપણે સહુના દિલો દિમાગમાં નવા વર્ષનો ફિવર છવાય જાય છે. નવા વર્ષને અનુરૂપ 'નવા કામોનો શુભારંભ', દિવાળીમાં ફરી આવ્યા હોય તેની ચર્ચા, સૌશ્યલ મિડિયામાં મિત્રો સાથે આદાન પ્રદાન, અને પછી શાળા, ઓફિસના રૂટીનમાં પાછા જોડાઇ જવું.. વર્ષોથી આપણી આ પ્રણાલી રૂટીન રહે છે. અધુરામાં પુરી નોટબંધી, જી.એસ.ટી અને હવે ચૂટણીનો ધમધમાટમાં થોભો અને રાહ જુઓની નિતિને કારણે ફરજીયાત નવરાશ..

આ બધા વચ્ચે દિવાળી અંક હાથમાં આવ્યો હશે, કંઇક નવુ લાગ્યુ? તંત્રીશ્રી સાથે ચર્ચા કરી નવયુગના ટાયટલ પર મહામંડળની વેબ અને ઈમેલ આઇ. ડી., સાથે સાથે દરેક લેખ, કાવ્ય અને નોંધમાં લેખકોના ફોટા પ્રકાશિત કરવાનું નક્કી કર્યુ, અને તંત્રીશ્રીએ દિવાળી અંકથી જ તેનો આરંભ કરી દીધો, આપના પ્રતિભાવો તંત્રીશ્રી સાથે અમોને પણ ગમશે..

શ્રી પંચોલી સમાજ યુ.કે.એ પોતાની ગોલ્ડન જયુબીલી ઉજવી, આ પ્રસંગે યુ.કે. સમાજને અભિનંદન, આ સંસ્થા દૂર રહીને પણ ભારતના જ્ઞાતિજનો માટે ઉમદા કાર્ય કરે છે. અમો જાન્યુઆરી અંકમાં વિધવા સહાય અને નિરાધાર સહાયના ફોર્મ ફરી પ્રકાશિત કરવાની વિચારણા કરી રહ્યા છીએ, જરૂરીઆતમંદોને જ આ ભરી પરત કરવા વિનંતી. અમારી રૂબરૂ મુલાકાત દરમ્યાન આની જરૂરીઆત લાગી છે, સાથે તમામ એકમોના પ્રમુખશ્રી/મંત્રીશ્રીને વિનંતી છે કે વિધવા સહાય, નિરાધાર સહાય, મેડીકલ સહાય કે શૈક્ષણિક સહાય વિગેરેના ફોર્મ પર સહી કરતા **પહેલા તમામ વિગતો ભરાયેલ હોય અને સાચી ભરાયેલ હોય તો જ સહી કરીને આપશો, કોઈની શેહ-શરમમાં સહી નહી કરવા વિનંતી છે.,** મહામંડળ આપની સહીને આખરી માની સહાય અંગેના નિર્ણય કરે છે. ટૂકમાં આપ સૌ મહામંડળની ખુબ જ અગત્યની કડી છો. આપનું મહત્વ અને મહત્તા જાળવવા આગ્રહ ભરી વિનંતી છે.

સુરત પંચ નવેમ્બર-ડિસેમ્બર ૨૦૧૮માં મહા ક્રિકેટ મહોત્સવનું આયોજીત કરવાનું પ્લાર્નીંગ કરી રહ્યું છે. ટુંક સમયમાં સુરત એકમ સાથે ચર્ચા-વિચારણા કરી વધુ વિગતો સાથે નવયુગમાં જાહેરાત કરવામાં આવશે...

ડિસેમ્બરમાં લોકશાહીની સૌથી મોટી અને અગત્યની ઘટના એટલે કે ચૂંટણી આવી રહી છે. સમાજના તમામ મતદાતાઓ પોતાના હકકનો ઉપયોગ કરવા આગ્રહ ભરી વિનંતી છે. પાંચ વર્ષે એક જ વાર આ હકક વાપરવા મળે છે. અને એના ઉપર જ આપના આવતા પાંચ વર્ષનો આધાર છે. તો સમાજના તમામ યુવાનો ભાઈઓ, બહેનો પોતાનો વોટ જરૂર થી આપે.

અંતમાં આપણાજ જ્ઞાતિજનોની સહાય અર્થે નોંધાવેલ સ્વર્ણિમ ફંડની આ વર્ષની રકમ મહામંડળના એકાઉન્ટમાં જમા કરાવી અમોને જાણ કરવા વિનંતી છે.

જે એકમ પોતાને ત્યાં કારોબારીનું આયોજન કરવા માંગતુ હોય તો માનદ્ મહામંત્રી શ્રી નિશિકાંતભાઇ મિસ્ત્રીનો સંપર્ક કરવા વિનંતી છે..

**તમો જયારે કોઈને મદદ કરવા ઈચ્છુક બનો ત્યારે તમે એમ વિચારી ખુશ થજો કે.....**

**તે વ્યકિતએ કરેલ પ્રાર્થનાઓનો જવાબ ઈશ્વર તમારા વડે આપી રહ્યો છે...**

અસ્તુ....



# મંગલ પરિણયના ૫૧માં વર્ષે......



## શ્રીમતિ ઉર્મિલાબેન તથા શ્રી પ્રમોદચંદ્ર હરકીશનદાસ પંચોલી
(દુબઈ)
મેરેજ : તા. ૧૫.૧૨.૧૯૬૬

વ્હાલા મમ્મી પપ્પા
જીવનની પગદંડી પર સહજીવનના એકાવન સોપાન પુરા કરી
બાવનમાં સોપાન પર સહકદમ માંડતા
યુગલને પ્રસન્ન દાંમ્પત્યજીવનની
હાર્દિક શુભેચ્છાઓ...

શુભેચ્છક

પારસ પ્રમોદચંદ્ર પંચોલી — શાનુ પારસ પંચોલી
ભરત પ્રમોદચંદ્ર પંચોલી — દિપ્તિ ભરત પંચોલી
સપના સનત પંચોલી — સનત ધનસુખભાઈ પંચોલી



**VATSAL RASHMIN MISTRY**
**(B.Arch)**

# Congratulations....

*Heartiest Congratulation to our Son*
**VATSAL RASMIKANY MISTRY**
*On behalf of completing graduation in*
**Bachelor of Architecture (B.Arch.)**
*Continue to climb........*
*You've taken on the most incredible,*
*amazing journey becoming an*
ARCHITECH.
*Continue to climb and aspire excellence.*
*With love and pride we send you*
*sincere Congratulations.....!*

FROM:
*Rasmin J. Mistry* *Prabha R. Mistry*
*Jayantilal M. Mistry* *Divyaben J. Mistry*
Mumbai

## Wish you all a very Happy and colourful Diwali & Happy New Year



FROM:
JAYANTILAL M. MISTRY
DIVYABEN J. MISTRY
RASHMIN J. MISTRY
PRABHA R. MISTRY
VATSAL R. MISTRY



**જીતેનકુમાર રશ્મીકાંત ગાંધી**
B.E.Computer

## Shaadi.com

નામ : **જીતેનકુમાર રશ્મીકાંત ગાંધી**
પિતા : રશ્મીકાંત રતિલાલ ગાંધી
માતા : હિનાબેન રશ્મિકાંત ગાંધી
જન્મ તા. : ૦૮.૦૯.૧૯૯૨
સમય : બપોરે ૨.૪૫ કલાકે
જન્મ સ્થળ : બહાદરપુર
ઉંચાઇ : ૧૭૫ સે.મી. વજન : ૬૪ કિલો
અભ્યાસ : B.E.Computer
સર્વિસ : Drutsch Telecom Clinical Solutions India Pvt. Ltd.-Pune.
આવક : ૪૧,૦૦૦/-
ભાઇ-બહેન : એક - વૈભવી રશ્મીકાંત ગાંધી M.Sc. Biotech' part 2 running
સરનામુ : ગાંધી બ્રધર્સ, લાઇટ બજાર, નવાપુર જિ. નંદરબાર-૪૨૫ ૪૧૮
મોબાઇલ : ૯૫૦૩૩ ૩૧૪૪૯
જન્માક્ષર : માને છે..

## મેરે ઘર આયી એક નન્હી પરી...



**રુહી સંજયકુમાર પંચોલી**
**તા. ૨૧.૧૦.૨૦૧૭**

અમારા જીવન બાગમાં ખીલેલ પુત્રીરત્ન ' રુહી'
રૂપી પુષ્પએ અમારા જીવન રૂપી ગુલદસ્તામાં સ્થાન લીધું છે.
શ્રી અરુણભાઈ ગોરધનભાઈ પંચોલી શ્રીમતિ મીનાબેન એ. પંચોલી
ચિ. પ્રદિપકુમાર અરુણભાઈ પંચોલી(ઉમરવા)
શ્રી સંજયકુમાર અરુણભાઈ પંચોલી શ્રીમતિ જાગૃતિબેન એસ. પંચોલી
ગં.સ્વ. ગીતાબેન રાજેન્દ્રભાઈ મિસ્ત્રી
ચિ. ધવલકુમાર રાજેન્દ્રભાઈ મિસ્ત્રી- અંકલેશ્વર

## Shaadi.com



નામ : મેહુલ રાજેન્દ્રભાઇ પંચોલી
પિતા : રાજેન્દ્રભાઇ મંગુભાઇ પંચોલી
માતા : પન્નાબેન રાજેન્દ્રભાઇ પંચોલી
મો. - ૮૪૯૦૮૬૦૨૬૮
જન્મ તા. : ૦૫.૦૮.૧૯૮૯
સમય : સવારે ૦૬.૪૫ કલાકે
જન્મ સ્થળ : સુરત
ઉંચાઇ : ૫' ૬''
અભ્યાસ : B.E. Mechanical
સર્વિસ : સર્વિસ
ભાઇ-બહેન : બહેન-નિતિકા રાજેન્દ્રભાઇ પંચોલી.
સરનામુ : ૩૬, શિવશકિત સોસાયટી, આઝાદનગર રોડ ભટાર ટેનામેન્ટ, સુરત
મોબાઇલ : + ૯ ૯૯૧૩૩ ૧૦૧૯૨

## Happy Birthday to Panth



3rd Birthday-16-12-2017
Happy Birthday to Panth
Have a long life and Bright Futere ahead.

From
Yogesh B. Mistry ( Nana) Neeta Y. Mistry (Nani)
Surat
Urvashi A. Pancholi (Dadi)
Ankit A. Pancholi (Dady) Priya A. Pancholi (Mummy)
Vyara

## ૧૭મી પૂણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલી



**સ્વ. શાંતિલાલ ગુલાબદાસ મિસ્ત્રી**
**સ્વર્ગવાસ : ૨૫.૧૨.૨૦૦૦**

**અર્પણકર્તા**
હેમલ શાંતિલાલ મિસ્ત્રી મો. ૯૬૮૭૦ ૭૫૪૩૮
સાધના હેમલ મિસ્ત્રી મો. ૭૪૦૫૦ ૩૨૯૨૪
૩૫, ગુ.હા.બૉર્ડ, હસ્તી તળાવ, અંકલેશ્વર

## Well Come.....

**હિતાન્સી કૃણાલ પંચોલી**
**જન્મ : તા. ૧૧.૧૧.૨૦૧૭**



ઉગ્યો સૂરજને ખોવાય ગઇ રાત,
સૉનેરી કિરણૉ સાથે આવ્યું પ્રભાત
મંગલમય હો વર્ષ આપના,
ઍજ સંદેશૉ પાઠવું આજ..

**-: લિ. :-**
શ્રી રાજૅન્દ્ર ચુનીલાલ પંચૉલી-દાદા
શ્રીમતિ દક્ષા રાજૅન્દ્ર પંચૉલી-દાદી
શ્રી કૃણાલ રાજૅન્દ્ર મિસ્ત્રી-પપ્પા
શ્રીમતિ ટવીન્કલ કૃણાલ પંચૉલી-મમ્મી
મુંબઇ

## સૂચન

સર્વે જ્ઞાતિજનૉને જણાવવાનું કે
આપની સુવિધા માટે નવયુગના પૅમૅન્ટ
માટે નવયુગના ઍકાઉન્ટમાં પૈસા જમા
કરાવૉ છૉ સારી વાત છે..
પરંતુ બૅંકના કાઉન્ટર સાથે આપનું નામ
અને ગામનું નામ અવશ્ય લખૉ..
વૉટસઍપ પર આપનું કાઉન્ટર મૉકલૉ છૉ
પરંતુ પૈસા કૉના આવ્યા છે
એ ખબર નથી પડતી
કારણ તમારૉ નંબર મારામાં સૅવ નથી હૉતૉ..
તૉ પ્લીઝ ઉપરૉક્ત બાબત
ધ્યાનમાં લૅવા વિનંતી..

તંત્રી
દિનૅશ મૉહનલાલ મિસ્ત્રી

## શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ

# દિપોત્સવી રસોત્સવ-૨૦૧૭





શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ, શ્રી પંચોલી ભગીની સમાજ મુંબઇ અને યુવા મંચ આવિષ્કાર ગ્રુપનાં સથવારે ‘દિપોત્સવી રસોત્સવ-૨૦૧૭’નું આયોજન રવિવાર તા. ૨૯ ઓકટોબર-૨૦૧૭ના રોજ બપોરે ૪.૦૦ કલાકે કે.સી.કૉલેજ ઑડીટોરીયમ ચર્ચગેટ મુંબઇ મુકામે યોજવા માં આવ્યો હતો.

આ કાર્યક્રમ બરાબર સાંજે ૪.૩૦ કલાકે ૩૮૫ હાજર રહેલ સભ્યો તેમજ અધ્યક્ષ શ્રીમાન દિવ્યકાંતભાઇ ભરતભાઇ પંચોલી અને અધ્યક્ષા શ્રીમતિ જીગીષા દિવ્યકાંત મિસ્ત્રી તેમજ આમંત્રિત અતિથિવિશેષ અને ભારતીય ફોજ સેનામાંથી નિવૃત થયેલ શ્રી નારાયણરાવ ઘાડગે અને નિવૃત કમાન્ડર શ્રી ગુરૂબચ્ચનસિંહ તેમજ પ્રમુખ શ્રી રાહુલભાઇ મિસ્ત્રી અને ઉ.પ્રમુખ વિશાલ કાપડિયા, ડિમ્પલ મિસ્ત્રીની હાજરીમાં શરૂ કરવામાં આવ્યો.

કાર્યક્રમની શરૂઆત પ્રવકતા તરીકે સજ્જ શ્રીમતિ ફોરમ દેવાંગ ગાંધી તેમજ પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી થકી કરાય હતી. જેમાં સૌ પ્રથમ કાર્યક્રમની શરૂઆત શ્રીમતિ ફોરમ ગાંધી દ્વારા રજુ કરાયેલ કાવ્ય રચનાથી કરાઇ હતી. પરાગભાઇ મિસ્ત્રી અને ફોરમ ગાંધી દ્વારા ઉપસ્થિત તમામ જ્ઞાતિજનો, દર્શકો, અધ્યક્ષ, અધ્યક્ષા, પ્રમુખ, ઉપપ્રમુખ, અતિથિવિશેષ દરેકનું સ્વાગત કરી દિવાળીના નૂતનવર્ષના અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમની શરૂઆત શ્રી ગણશજીની વંદના અને પ્રાર્થના થી થાય છે. તેવી જ રીતે શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઇનો રંગારંગ કાર્યક્રમ દિપોત્સવી રસોત્સવ-૨૦૧૭ની શુભ શરૂઆત ગણેશજીની અર્ચનાથી ‘વક્રતુંડ મહાકાય......’ના શ્લોકથી કરાઇ હતી.

પ્રથમ દિપ પ્રાકટયનો કાર્યક્રમ યોજાયો. જેમાં પ્રમુખશ્રી રાહુલભાઇ મિસ્ત્રી, ઉપપ્રમુખ વિશાલ કાપડિયા અને શ્રીમતિ ડિમ્પલ મિસ્ત્રી, મંત્રી પરાગભાઇ મિસ્ત્રી, સહમંત્રી શ્રીમતિ ફોરમ ગાંધી તેમજ આજરોજના અધ્યક્ષ અને અધ્યક્ષા શ્રીમાન-શ્રીમતિ જીગીષા દિવ્યકાંત ભરતભાઇ મિસ્ત્રી અને અતિથિવિશેષ શ્રી નારાયણ ઘાડગે અને શ્રી કમાન્ડર ગુરૂબચ્ચનસિહ જેવા મહાનુભાવોએ મંચ પર ઉપસ્થિત રહી સાત દિવાની જ્યોત પ્રગટાવવામાં આવી હતી. શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ તેમજ અન્ય તમામ સંગઠનનાં કાર્યકર્તાઓ દ્વારા ભારતીય રાષ્ટ્રગાન જન..ગન..મન..ને પ્રોજેકટર ઉપર દર્શાવી સન્માન અપાયું હતું. આ પ્રસંગે સભામાં હાજર રહેલા તમામ સભ્યોએ પણ પોતપોતાના સ્થાન પર ઉભા રહી રાષ્ટ્રગીતનું સન્માન વધાર્યુ હતું. શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇનાં વર્ષ દરમ્યાન સ્વર્ગવાસ થયેલ સભ્યો તેમજ ભારતદેશનાં શહીદ જવાનોને બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી અર્પણ કરાઇ હતી.

ઉપસ્થિત સર્વે પ્રેક્ષકગણ તેમજ અધ્યક્ષ-અધ્યક્ષા, વગેરેનું સ્વાગત કુમાર સુજલ યતીન પંચોલી, કુ. યુકતા યતીન પંચોલી, કુમારી ખુશી સતીષ પંચોલી દ્વારા ખૂબ જ સુંદર નૃત્ય તેમજ સુંદર સ્વાગત ગીત રજુ કરી કર્યુ હતું. મહારાષ્ટ્ર બૉર્ડમાંથી સુવર્ણપદક પ્રાપ્ત કરનાર યુવા કલાકાર માસ્ટર વેદાંત નિલેશભાઇ રજનીકાંત પંચોલી દ્વારા અદભૂત કરાટે શૉનું આયોજન કરવામાં આવ્યું. ઉપ પ્રમુખ શ્રી વિશાલભાઇ કમલભાઇ કાપડિયા થકી શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇની વેબસાઇટ અંગેની ખૂબ જ વિશેષ તથા અગત્યની માહિતી પ્રોજેકટર પર





સવિસ્તાર દર્શાવવામાં આવી.

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇનો ઇનામ વિતરણ અને સન્માન સમારંભ શરૂ કરવામાં આવ્યો. જેની રજૂઆત મંત્રી શ્રી પરાગભાઇ નવિનભાઇ મિસ્ત્રી અને સહમંત્રી શ્રીમતિ ફોરમ દેવાંગ ગાંધી દ્વારા કરાઇ. શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના પ્રમુખ શ્રી રાહુલભાઇ મિસ્ત્રી, અધ્યક્ષ શ્રી દિવ્યકાંતભાઇ મિસ્ત્રી, અધ્યક્ષા શ્રીમતિ જીગીષા દિવ્યકાંત મિસ્ત્રી, અતિથિવિશેષ શ્રી નારાયણરાવ ઘાડગે, અને કમાન્ડરશ્રી ગુરૂબચનસિંહ, ઉ.પ્રમુખ શ્રી વિશાલભાઇ કાપડિયા અને શ્રીમતિ ડિમ્પલ મિસ્ત્રી, ખજાનચી શ્રી કુંતલ પંચોલી, ઓડિટર શ્રી કિરણભાઇ પંચોલી, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતિ અનુરાધાબેન કાપડિયા, યુવામંચ આવિષ્કાર ગ્રુપનાં પ્રમુખ શ્રી નકુલ કાપડિયા, જેઓને મંચ ઉપર આમંત્રિત કરાયા હતા. ત્યારબાદ સર્વેનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કરાયુ હતું. સૌ પ્રથમ  આજના અધ્યક્ષ શ્રીમાન દિવ્યકાંત ભરતભાઇ મિસ્ત્રીનો ટૂંકમાં પરિચય આપવામાં આવ્યો હતો. આજરોજ અધ્યક્ષશ્રી દિવ્યકાંતભાઇનો જન્મદિવસ હોવાથી સુંદર કેકનું આયોજન કરાયું હતું. અધ્યક્ષશ્રી દિવ્યકાંતભાઇ મિસ્ત્રીને સુંદર મોમેન્ટો અર્પણ કરી બહુમાન કરાયું હતું. આ પ્રસંગે અધ્યક્ષશ્રી દિવ્યકાંતભાઇ મિસ્ત્રી દ્વારા આર્શીવચનો આપ્યા હતા અને સર્વે કાર્યકર્તાઓનો ખૂબ આભાર વ્યકત કર્યો હતો. આજના પ્રસંગે તેઓએ અધ્યક્ષ સ્થાનેથી શ્રી પંચોલી સેવા સમાન મુંબઇને રૂા. ૧૫,૦૦૧/- ભેટ આપી હતી. અતિથિવિશેષ તેમજ ભારતીય ફોજમાંથી નિવૃત્ત થયેલ શ્રી નારાયણરાવ ઘાડગે સાહેબનો ટૂંકમાં પરિચય અપાયો હતો. તેઓનું સાલ, શ્રીફળ અને મોમેન્ટો આપી બહુમાન કરાયું હતું અને તેઓએ સભાને સુંદર સંદેશા જણાવ્યા હતાં. એ પછી બીજા અતિથિવિશેષ ભારતીય નેવી ફોજનાં નિવૃત્ત કમાન્ડર શ્રી ગુરૂબચનસિંહનો પરિચય અપાયો હતો અને તેઓનું પણ સાલ, શ્રીફળ અને મોમેન્ટો અર્પણ કરી બહુમાન કરાયું હતું. આજના આ પ્રસંગે કમાન્ડર ગુરૂબચનસિંહ તરફથી રૂા. ૨૦૦૧/- શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇને ભેટ તરીકે આપ્યા હતાં.

દાંમ્પત્યજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરનાર દંપતી તરીકે શ્રીમતિ ઇંદિરાબેન અને શ્રીમાન રાજેન્દ્રભાઇ જેકીશનદાસ મિસ્ત્રી-સુરતનું સાલ, શ્રીફળ અને કંકાવટી આપી બહુમાન તેમજ સન્માન કરાયું હતું આ પ્રસંગે શ્રીમાન રાજેન્દ્રભાઇ જેકીસનદાસ મિસ્ત્રી દ્વારા ભાવુક મને તેઓનાં લગ્નજીવનનાં યાદગાર પ્રસંગો દર્શાવ્યા હતા અને શ્રી રાજેન્દ્રભાઇ મિસ્ત્રીએ શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇની તમામ કારોકારીને આશીર્વાદ આપી અભિનંદન આપ્યા હતાં. એ સાથે જ શ્રી રાજેન્દ્રભાઇ મિસ્ત્રીએ શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇને રૂા. ૧૧,૧૧૧/- શૈક્ષણિક સહાયમાં આપ્યા હતાં.

શ્રી ભાવિકભાઇ મોહનલાલ કાપડિયા કે જેઓ સંજોગો અનુસાર દિપોત્સવ રસોત્સવ-૨૦૧૭માં હાજર રહી શકયા ન હતા, પરંતુ તેમના થકી સુરતથી મોકલાવેલ સંદેશો પ્રોજેકટ ઉપર લાઇવ દર્શાવવામાં આવ્યો હતો અને ભાવિકભાઇ કાપડિયા તરફથી રૂા. ૧,૧૧૧/- ભેટ આપ્યા હતાં. શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના પ્રમુખ શ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રી દ્વારા મોકલાવેલ





સંદેશો અને અભિનંદનનું વાંચન શ્રી પરાગભાઇ મિસ્ત્રી દ્વારા કરવામાં આવ્યું.

ધો.૧ થી ધો. ૧૨માં ઉચ્ચ ક્રમાંક મેળવનાર દરેક વિદ્યાર્થીને રોકડ ઇનામ આપવામાં આવ્યા હતાં અને સ્નાતક અને અનુસ્નાતક એટલે કે ગ્રેજ્યુએટ તથા ડિપ્લોમાં ડીગ્રી મેળવનાર દરેક વિદ્યાર્થીઓને સર્ટીફિકેટ, પારિતોષક, સ્મૃતિ ચિન્હો તેમજ રોકડ ઇનામ આપવામાં આવ્યા. જે નીચે મુજબ છે.

શ્રી પંચોલી સેવા સમાજ, મુંબઇ વર્ષ ૨૦૧૭-૧૮ના શૈક્ષણિક, ઉચ્ચ શૈક્ષણિક, સ્નાતક, અનુસ્નાતક, ડીગ્રી મેળવનાર વિદ્યાર્થી તેમજ વિદ્યાર્થીની ઓનાં નામ અને ઇનામ મેળવનાર તેજસ્વી તારલાઓ

| | | |
|---|---|---|
| ધો.૧ | કુમાર ભાગ્ય દેવાંગ ગાંધી | મીરારોડ |
| ધો.૨ | કુમાર પ્રહર્ષ મિનેષ મિસ્ત્રી | અંધેરી |
| ધો.૩ | કુમારી ઈશિકા રાહુલ મિસ્ત્રી | મીરારોડ |
| ધો.૪ | કુમારી કસક રાકેશ મિસ્ત્રી | મીરારોડ |
| ધો.૫ | કુમારી હર્ષિતા હિરલ મિસ્ત્રી | અંધેરી |
| ધો.૬ | કુમાર વિકી કૌશલ મિસ્ત્રી | ગોરેગાંવ |
| ધો.૭ | કુમાર સુજલ યતીન પંચોલી | ખેતવાડી |
| ધો.૮ | કુમાર કૌશલ પરેશ પંચોલી | સાંતાક્રુઝ |
| ધો.૯ | કુમાર દર્શીલ નિલેશ મિસ્ત્રી | દહીસર |
| ધો.૧૦ | પ્રથમ-કુમાર જીત નૈનેશ મિસ્ત્રી | ગોરેગાંવ |
| | દ્વિતીય-કુમાર યુવરાજ દિવ્યકાંત મિસ્ત્રી | તારદેવ |
| ધો.૧૧ | કુમારી હેમાંશી જગદીશ મિસ્ત્રી | વિરાર |
| ધો.૧૨ | કુમારી ખુશી સતીષ પંચોલી | ખેતવાડી |
| B.Com | પ્રથમ કુમાર સાગર મનિષ પંચોલી | મુંબઇ |
| B.Com. | કુમાર રચિત દિપક મહેતા | ખેતાચીવાડી |
| B.Architech | કુમાર વત્સલ રશ્મિન મિસ્ત્રી | મુંબઇ |
| Dip.IT | કુમાર ઉદય નૈનેશ મિસ્ત્રી | ગોરેગાંવ |
| C.A. | કુમાર સાગર મનિષ પંચોલી | મુંબઇ |
| C.A. | કુમાર કરણ જતીન પંચોલી | મુંબઇ |

શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઇનો રંગારંગ 'દિપોત્સવી રસોત્સવ-૨૦૧૭'ના કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. આજરોજના આ કાર્યક્રમ THE INCREDIBLE INDIA" ના નામે દર્શાવાયો હતો. શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઇનો 'દિપોત્સવી રસોત્સવ-૨૦૧૭'ના આ કાર્યક્રમમાં તમામ ભારતીય રીતી રિવાજ, તેમજ ભારતીય ફોજ અને ભારતીય નૌ સેનાને સમર્પિત કરાયો હતો.

આ કાર્યક્રમની શરૂઆત ફક્ત ૬ વર્ષનાં પ્રવકતા કુમારી ઈશિકા રાહુલ મિસ્ત્રી અને કુમાર ભાગ્ય દેવાંગ ગાંધી દ્વારા ખૂબ જ આત્મ વિશ્વાસથી રજુ કરાયો હતો. આ સાથે જ શ્રી વિશાલભાઇ કાપડિયા દ્વારા ભારતનાં દરેક રાજ્યની વિવિધ રૂપરેખા પ્રોજેકટર દ્વારા દર્શાવી સૌનું મન જીતી લીધું હતું. આ કાર્યક્રમમાં સૌ પ્રથમ ઉત્તર પૂર્વ ભારતીય પ્રજા એટલે આસામ રાજ્યની મીઠી વાણી, રંગીન પહેરવેશો વગેરે દર્શાવવામાં આવ્યા હતાં. આ કાર્યક્રમ રજુ કરનાર શ્રીમતિ વીણા મયુર જગદીશ મિસ્ત્રી-મીરારોડ, શ્રીમતિ લીના રાહુલ જીતેન્દ્ર મિસ્ત્રી -મીરારોડ, શ્રીમતિ કાજલ જીતેન્દ્ર ઉમેશભાઇ મિસ્ત્રી -વિરાર અને શ્રીમતિ જાગૃતિ રાકેશ રમેશચંદ્ર મિસ્ત્રી-મીરારોડ. જેમણે સુંદર આસામી બીહુ નૃત્ય રજુ કરી પ્રેક્ષકોને પ્રસન્ન કર્યા હતાં.

ગોવાના સુંદર દરિયા કિનારાની ઠંડી હવાની લહેરોના દ્રશ્યો પ્રોજેક્ટ ઉપર દર્શાવાયા અને બાળકલાકારો દ્વારા ગોવાનું ફેમસ નૃત્ય યાયા મયાયા રજુ કરવામાં આવ્યું જેના કલાકારો હતાં કુમારી ઇશિકા રાહુલ મિસ્ત્રી-

મીરારોડ, કુમાર ભાગ્ય દેવાંગ ગાંધી-મીરારોડ, કુમારી કસક રાકેશ નવિનચદ્ર મિસ્ત્રી-મીરારોડ, કુમારી લવીના પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી-મુંબઇ, કુમારી નિકી જીતેન્દ્ર ઉમેશચંદ્ર મિસ્ત્રી-વિરાર, કુમાર કરણ કલ્પેશ ઉમેશચંદ્ર મિસ્ત્રી-વિરાર

ત્યારબાદ ગુજરાતી પારંપારિક કાર્યક્રમ, ગુજરાતની ખમીરવંતી, જોબનવંતી પ્રજાનું પરમ પ્રિય લોકનૃત્ય અને રાસ-ગરબા સમાજની ૭૦ વર્ષની વરિષ્ઠ મહિલાથી લઇ સમાજની યુવાન કન્યાઓ દ્વારા ખૂબ જ અદ્‌ભૂત ગુજરાતી નૃત્ય રજુ કર્યુ. આ કાર્યક્રમ રજુ કરનાર કલાકારો શ્રીમતિ ઇંદિરાબેન જીતુભાઇ ગોવિંદદાસ મિસ્ત્રી-મીરારોડ ઉ.વ.૭૨, શ્રીમતિ કલાબેન રમેશચંદ્ર ઉત્તમરામ મિસ્ત્રી-મીરારોડ (ઉ.વ.૭૫), શ્રીમતિ પૂર્ણિમાબેન કિરીટભાઇ વ્રજલાલ ગાંધી-મીરારોડ(ઉ.વ.૬૮), શ્રીમતિ મધુબેન જગદીશભાઇ ગોવિંદદાસ મિસ્ત્રી-મીરારોડ(ઉ.વ.૬૩) શ્રીમતિ મીનાબેન કમલભાઇ કાપડિયા-મીરારોડ, શ્રીમતિ અમીષાબેન કલ્પેશભાઇ મિસ્ત્રી-મીરારોડ, શ્રીમતિ લીના રાહુલભાઇ મિસ્ત્રી-મીરારોડ, શ્રીમતિ પલ્લવી રાકેશભાઇ મિસ્ત્રી-મીરારોડ, શ્રીમતિ ફોરમ દેવાંગ ગાંધી-મીરારોડ, કુમાર રિદ્ધિ કમલેશભાઇ પંચોલી-બોરીવલી.

પ્રવકતા તરીકેનું સુકાન સુંદર મરાઠી વેષમાં સજજ થયેલ મરાઠી મુલગી કુમારી વૈશાખી કુમારેશ મિસ્ત્રી તથા કુમારી ડો. કાજોલ યોગેશ પંચોલી એ સંભાળ્યું હતું. જેઓ મરાઠી ભાષામાં મહારાષ્ટ્રની સંસ્કૃતિ, મરાઠી સાહિત્ય તેમજ મહારાષ્ટ્રમાં ઉજવાતાં વિવિધ તહેવારો વિષે સુંદર રૂપરેખા દર્શકો સમક્ષ રજૂ કરી હતી અને વિશાલભાઇ કાપડિયા દ્વારા પ્રોજેકટ ઉપર મહારાષ્ટ્ર રાજય વિષે વધુ માહિતી દર્શાવાય હતી. અને એ સાથે જ સંસ્કૃતિક વેશમાં સજજ કન્યાઓ દ્વારા પારંપારિક લાવણી, કોળી નૃત્ય, લેઝીમ નૃત્ય જેવા વિવિધ નૃત્યનું સુંદર આયોજન કરાયું હતું. આ નૃત્યમાં ભાગલેનાર કલાકારો હતા : કુમારી વૈશાખી કુમારેશ મિસ્ત્રી-મીરારોડ, કુમારી યેશા સંજય મિસ્ત્રી-મીરારોડ, કુમારી ડો. કાજોલ યોગેશ પંચોલી-વિરાર, શ્રીમતિ વીણા મયૂર મિસ્ત્રી-મીરારોડ, શ્રીમતિ જાગૃતિ રાકેશ રમેશચંદ્ર મિસ્ત્રી-મીરારોડ, શ્રીમતિ કાજલ જીતેનદ્ર ઉમેશચંદ્ર મિસ્ત્રી-વિરાર.

શ્રી કૃણાલ રાજેન્દ્રભાઇ પંચોલી દ્વારા પ્રેક્ષકગણમાં જઇને વિવિધ પ્રશ્નોત્તરી જણાવાય હતી. અને તેઓ થકી પ્રેક્ષકગણ તરફથી સરસ સહકાર મળ્યો હતો. સાથે જ યુવા મંચ આવિષ્કાર ગ્રુપ મુંબઇનાં પ્રમુખ શ્રી નકુલ ભાવિક કાપડિયા દ્વારા રંગમંચના પ્રવકતા તરીકેનું કાર્ય હાથ ધરાયુ હતું. જેમાં તેઓ એ સાઉથ ઇન્ડિયાનાં વિવિધ કલચર વિશે માહિતી આપી હતી અને વિશાલભાઇ કાપડિયા એ પ્રોજેકટર દ્વારા સાઉથ ઇન્ડિયાની શિસ્તમય પ્રજા, સુંદર વેશભૂષા, મનભાવન દક્ષિણસંગીત વિગેરે દર્શાવવામાં આવ્યા હતાં. અને સમાજના જેન્ટલમેન કલાકારો દ્વારા અવિસ્મરણીય લૂંગી ડાન્સ રજૂ કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં ભાગ લેનાર કલાકાર હતાં : કુમારી નિકી જીતેન્દ્ર મિસ્ત્રી-વિરાર, કુમાર હર્ષ ભાવિક કાપડિયા-મીરારોડ, કુમાર જશ સંજય મિસ્ત્રી-મીરારોડ, કુમાર મિહિર દિલીપ હરગોવિંદદાસ મિસ્ત્રી-મુંબઇ, કુમાર પ્રતિક કમલેશભાઇ પંચોલી-બોરીવલી, કુમાર વિશાલ કમલભાઇ કાપડિયા-મીરારોડ, શ્રી દેવાંગ કિરીટભાઇ ગાંધી-મીરારોડ, શ્રી રાકેશ નવિનચંદ્ર મિસ્ત્રી-મીરારોડ, શ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી-મુંબઇ.

શ્રી નકુલ કાપડિયાનો સાથ સુંદર આકર્ષક પંજાબી ડ્રેશમાં સજજ પંજાબી કુડી કુમારી યેશા સંજય મિસ્ત્રીએ આપ્યો હતો. સાથે શ્રી દેવાંગ ગાંધી અને રાકેશ મિસ્ત્રી દ્વારા પ્રોજેકટર પર પંજાબી કલચર અને પંજાબી પ્રજા, ત્યાંના રીતિ રીવાજ વિગેર માહિતી દર્શાવવામાં આવી અને સાથે સાથે રંગબેરંગી પંજાબી પોષાકમાં સજજ મહિલા કુડીઓ દ્વારા પંજાબી નૃત્ય, ભાંગડા, લહોરી નૃત્ય જેવા મનમોહક નૃત્યો રજુ કર્યા હતાં. આ કાર્યક્રમમાં ભાગ લેનાર કલાકારો : કુમારી યેશા સંજય મિસ્ત્રી-મીરારોડ, કુમારી વૈશાખી કુમારેશ મિસ્ત્રી -મીરારોડ, કુમારી રિદ્ધિ કમલેશભાઇ પંચોલી -બોરીવલી.

ત્યારબાદ રાજસ્થાની પહેરવેશમાં સજ્જ ફોરમ ગાંધીએ પ્રવકતા તરીકેનું સ્થાન સંભાળી ખૂબ જ સરસ રીતે રાજસ્થાની પ્રજા, રંગબેરંગી પોશાકો, રુમઝુમ વાગતા ઝાંઝરો અને ઘુંઘટમાં છુપાયેલ સૌંદર્ય વિષે વિવિધ માહિતી આપી રાજસ્થાની નૃત્ય જેવા કે ઘૂમર નૃત્ય, ગ્રામીણ નૃત્ય, કલબેલીયા નૃત્ય અને થાળી નૃત્ય વિગેરે અદભૂત નૃત્યો રજુ કરી સૌના મન મોહી લીધા હતા. આ કાર્યક્રમના કલાકારો : કુમારી કશ્વી રાહુલ મિસ્ત્રી-મીરારોડ, કુમારી ડો. કાજોલ યોગેશ પંચોલી-વિરાર, શ્રીમતિ પલ્લવી રાકેશભાઇ મિસ્ત્રી-મીરારોડ, શ્રીમતિ ફોરમ દેવાંગ ગાંધી-મીરારોડ

ભારત દેશની ગરિમા દર્શાવતું એક કર્ણપ્રિય ગીત લઇને દર્શકો સમક્ષ હાજર રહ્યા હતા.. કુમાર યુવરાજ દિવ્યકાંતભાઇ મિસ્ત્રી-તારદેવ, શ્રી વિશાલ કમલભાઇ કાપડિયા-મીરારોડ, કે જેઓએ 'સુનો ગૌર સે દુનિયા વાલો' દેશભકિત ગીત રજુ કરી સમગ્ર વાતાવરણને દેશભકિતના રંગે રંગી નાંખ્યા હતાં. એક અદ્‌ભૂત, અવિસ્મરણિય અને હૃદય દ્રાવક એવો નાટકીય રૂપાંતર કાર્યક્રમ બાળ કલાકારો દ્વારા રજૂ કરાયો. જેમાં ભાગ લેનાર કલાકાર : કુમારી ઇશિકા રાહુલ મિસ્ત્રી-મીરારોડ, કુમાર ભાગ્ય દેવાંગ ગાંધી-મીરારોડ, કુમારી કસક રાકેશભાઇ મિસ્ત્રી-મીરારોડ, કુમારી લવીના પરાગભાઇ મિસ્ત્રી-મુંબઇ, કુમાર રોહન રાકેશ રમેશચંદ્ર મિસ્ત્રી-મીરારોડ, કુમારી કશ્વી રાહુલ મિસ્ત્રી-મીરારોડ,

કુમારી ઇશીકા અને કુમારી કશ્વી દ્વારા કલાત્મક હાવભાવ દ્વારા ભારતદેશનાં જવાનો તેમજ તેમનાં પરિવારજનોને લગતો દેશભકિતમય મીમીક્રી રજુ કરી હતી.

આજના આ કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ કલાકારો દ્વારા ખૂબ જ લાગણીસભર, દેશભકિતને સમર્પિત નૃત્ય દર્શાવ્યુ હતું અને આજરોજના અધ્યક્ષશ્રી, અધ્યક્ષા, પ્રમુખ, અતિથિવિશેષશ્રી, ઉપ પ્રમુખ અને મંત્રી જેવા તમામ સભ્યો થકી ભારતનાં ત્રિરંગા ધ્વજ ફરકાવી સન્માન અપાયું. સાથે આજનાં આ અદ્‌ભૂત અને લાગણી સભર દેશભકિતમય પ્રસંગને તમામ દર્શકો દ્વારા તેઓનાં સ્થાન પર ઉભા રહી સલામી અપાય હતી.

વિશાલ કાપડિયા દ્વારા પ્રોજેકટર પર આજનાં કાર્યક્રમમાં સહભાગી થનાર તમામ સભ્યોની આભારવિધિ દર્શાવાય હતી.

Program Theme : Incredible India !!!!
Consept : Rahul Mistry, Foram Gandhi, Vishal Kapdia, Parag Mistry.
Song Editing : Vaishakhi Mistry.
Choreography : Vaishakhi Mistry, Foram Gandhi, Yesha Mistry, Kashvi Mistry, Nikki Mistry, Veena Mistry.
Script & Speech : Foram Gandhi, Parag Mistry, "Nari Ratna" Manniya Hasumatiben Dahyabhai Mistry.
Video Editing Presentation : Vishal Kapadia
Back Stage Projection work : Devang Gandhi, Rakesh Mistry.
Back Stage Help : Sonal Parag Mistry, Prabha Mistry, Sonal Sanjay Mistry.
Organizing all practice session : Rahul Mistry & Family.
Costume Selection : Foram Gandhi, Sonal Parag Mistry, Vaishakhi Mistry, Leena Mistry.
Photography & Video graphi : Vatsal Mistry.
Special Thanks to Parag Mistry & Rakesh Mistry for Auditorium booking, Memento Selection, preparatory work for meeting session.
જમણવાર સમિતિ : જીતેન્દ્રભાઇ મિસ્ત્રી, ચેતનભાઇ કાપડિયા, કમલ ઇશ્વરલાલ મિસ્ત્રી, કમલેશ ધીરજલાલ પંચોલી, જયંતીભાઇ મંગુભાઇ મિસ્ત્રી.
ગીફ્ટ સ્પોન્સર : કિરીટભાઇ વ્રજલાલ ગાંધી-મીરારોડ, નિરંજનાબેન સુરેશભાઇ મિસ્ત્રી-અંધેરી
Special Thanks : Senior Citizens- Kalaben Rameshbhai Mistry, Indira(Sumi)ben Jitendrabhai Mistry, Poorminaben Kiritbhai Gandhi, Madhuben Jagdishbhai Mistry.
અધ્યક્ષ શ્રીમાન દિવ્યકાંતભાઇ ભરતભાઇ મિસ્ત્રી
અધ્યક્ષા શ્રીમતિ જીગીષાબેન દિવ્યકાંતભાઇ મિસ્ત્રી

અતિથિવિશેષશ્રી રીટાયર્ડ આર્મી ઑફિસર શ્રી નારાયણરાવ ઘાડગે, રીટાયર્ડ કમાન્ડર ગુરૂબચનસિંગ તથા દરેક કમિટિ મેમ્બરો, પેક્ષકગણો, દાતાઓ તથા કાર્યક્રમમાં ભાગ લેનાર કલાકારો..ના

આભાર દર્શન બાદ સર્વે જ્ઞાતિજનોએ દિપોત્સવી રસોત્સવ કાર્યક્રમ રજુ કરવા બદલ તમામ કાર્યકરોને વધાવ્યા હતા. કાર્યક્રમની પ્રસંશા કરી સૌને અભિનંદન પાઠવ્યા હતાં. અંતમાં રાત્રી ભોજન છોલેપુરી, રસગુલ્લા, પટ્ટી સમોસા, બિરીયાની અને આઇસક્રીમ કુલ્ફીને ન્યાય આપી છૂટા પડયા હતાં.

આજના કાર્યક્રમને મળેલ ભેટ

૧૫૦૦૧ શ્રી દિવ્યકાંતભાઇ ભરતભાઇ મિસ્ત્રી-તારદેવ અધ્યક્ષ સ્થાનેથી.

૧૧૧૧૧ શ્રી રાજેન્દ્રભાઇ જેઠીશનદાસ મિસ્ત્રી-સુરત શૈક્ષણિક સહાયમા

૫૫૫૫ નારીરત્ન માનનીય હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રી-અંધેરી

૫૦૦૦ કુમાર કરણ જતીન પંચોલી-મુંબઇ. સીએની ડિગ્રી પ્રાપ્ત કરવા બદલ

૨૦૦૧ માત્ર કેપ્ટન ગુરૂબચ્ચનસિંગ તરફથી અતિથિવિશેષ સ્થાનેથી

૨૦૦૧ શ્રી મયંક ઠાકોરલાલ દલપતરામ મિસ્ત્રી -શૈક્ષણિક સહાય

૧૧૧૧ શ્રી ભાવિકકુમાર મોહનલાલ કાપડિયા- દિપોત્સવી ભેટ

૮૦૦ શ્રી જગદીશભાઇ ગોવિંદદાસ મિસ્ત્રી- બાળકલાકારોને

૧૧૧૧ શ્રી કૌશલ પ્રમોદભાઇ મિસ્ત્રી-શૈક્ષણિક સહાય

૨૫૧૧ શ્રી નરેશભાઇ બળવંતરાય મિસ્ત્રી-ગોરેગાંવ સ્વ. કાંતાબેન બળવંતરાયમિસ્ત્રીના સ્મરણાર્થે

૫૫૫ શ્રી જયંતિભાઇ મંગુભાઇ મિસ્ત્રી તરફથી શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇને,

૨૫૧ ભગીની સમાજને,

૨૫૧ યુવા મંચ આવિષ્કાર ગ્રુપને આપ્યા.

૧૫૩ શ્રીમતિ ઉષાબેન નરેશભાઇ મિસ્ત્રી- દિપોત્સવી ભેટ

૧૬૪૪ શ્રી નયન મોહનલાલ પંચોલી-નિભાવ ફંડ

૨૨૨૨ શ્રી રાજેન્દ્ર રમેશચંદ્ર પંચોલી નિભાવ ફંડ

૫૦૦ ગં.સ્વ. શોભાબેન કાંતીલાલ પંચોલી તરફથી પૌત્ર સી.એ. પાસ કરી તે નિમિત્તે.

૯૦૦ શ્રી દેવાંગ કિરીટભાઇ ગાંધી-મહેમાન ફી

૩૦૦ શ્રી નિલેશ રજનીકાંત પંચોલી-મહેમાન ફી

૩૦૦ શ્રી વિશાલ કમલભાઇ કાપડિયા-મહેમાન ફી

૬૦૦ શ્રી પ્રતિક કમલેશભાઇ પંચોલી-મહેમાન ફી

૨૫૧ શ્રીમતિ પલ્લવી ગૌરવ મિસ્ત્રી-આજીવન સભ્ય ફી

૨૫૧ શ્રી પ્રવિણભાઇ ગીરધરભાઇ પંચોલી- દિપોત્સવી ભેટ

૨૦૨ શ્રી જીગ્નેશ જયંત રણછોડદાસ મહેતા. સ્વ. જયંતભાઇ રણછોડદાસ મહેતાના સ્મરણાર્થે

૧૦૦૦ શ્રી ભાવેશ શશીકાંત મિસ્ત્રિ-સુરત નિભાવફંડ

આ મુજબ રહ્યો શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇનો 'દિપોત્સવી રસોત્સવ-૨૦૧૭'નો રંગારંગ કાર્યક્રમ

# અનુકરણિય

લેસ્ટર યુકે. નિવાસી ઉર્મિલાબેન કેશવભાઇ પંચોલી તરફથી એમની ૭૩મી વર્ષગાંઠ નિમિત્તે રૂા. ૮,૫૦૦/- શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને શૈક્ષણિક સહાય માટે આપ્યુ છે...... આભાર

રૂા. ૧૧૧૧/- દુબઇ(સુરત) નિવાસી શ્રીમતિ ઉર્મિલાબેન તથા શ્રી પ્રમોદચંદ્ર હરકિશનદાસ પંચોલી તરફથી તા. ૧૫.૧૨.૨૦૧૭ના રોજ ૫૧મી મેરેજએનીવર્સરી નિમિત્તે પંચોલી નવયુગને ભેટ..

આભાર

રૂા. ૧૦૦૦/ અમદાવાદ નિવાસી શ્રી જયેન્દ્ર એન. પંચોલી ગુજરાત રાજ્ય લલીતકલા અકાદમીનો 'ગૌરવ પુરસ્કાર' 'રાજ પરિવાર ગૌરવ' એવોર્ડ મળ્યાની ખુશીમાં પંચોલી નવયુગને મળ્યા....આભાર.

# તફાવત માત્ર એટલોજ....

પલ્લવીબેન જે. મિસ્ત્રી
અમદાવાદ



-તેં આજનું છાપું વાંચ્યું?

-હા, વાંચ્યું ને.

-એમાં એક ઘણા જ અગત્યના અને પ્રેરણાદાયક ન્યૂઝ છે, તે વાંચ્યા?

-હાસ્તો. જે ન્યૂઝ અગત્યના હોય, ઉપરાંત પ્રેરણાદાયક પણ હોય તે વાંચ્યા વગર હું રહું કે?

-અચ્છા? વેરીગુડ. કહે, તેં કયા સમાચાર વાંચ્યા, અને એમાંથી તને શું પ્રેરણા મળી?

-જુઓ, આજના છાપામાં મેં વાંચ્યું કે 'સોનાના ભાવમાં નરમાઇ છે, દસ તોલાએ હજાર રુપિયાનો કડાકો. છેલ્લા છ મહિનામાં આ ભાવમાં ખાસ્સો છ હજારનો કડાકો બોલ્યો છે.' એમાંથી મને પ્રેરણા મળી કે આપણે સોનું વસાવીએ. નરમ થયેલું સોનું વસાવવાનું મને બહુ ગમે.

-પણ મને નહીં ગમે.

-કેમ, હજી ગઇ કાલે જ તો તમે મને કહ્યું હતું કે- 'જે તને ગમે તે મને ગમે!' અબી બોલા અબી ફોક?

-તારી વાત સાચી છે, પણ સોનું વસાવવા આપણી પાસે પૈસા ક્યાં છે?

-કેમ, આ મહિને વરસ ભરના દાળ-ચોખા અને તેલ ભરવાના થાત તો તમે પૈસાની સગવડ કરત કે નહીં?

-અરે, પણ એટલા પૈસામાંથી વળી આવી આવીને કેટલું સોનું આવે?

-ભલેને એકાદ વીંટી, બુટ્ટી, પેંન્ડન્ટ કે નાની ચેન આવે. હું તો એટલામાં પણ રાજી.તમે પેલી કહેવત નથી સાંભળી, 'ટીપે ટીપે સરોવર ભરાય?'

-સાંભળી છે ને. પણ પછી તેલનાં ટીપા માટે ટળવળવું પડશે એનું શું? આ મહિને નહીં તો આવતા મહિને દાળ-ચોખા-તેલ ભરવાં પડશે કે નહીં?

-તમે જ તો કાયમ કહ્યા કરો છો કે, 'The Past is History, The Future is Mistery and the Present is Gift.' તો પછી એ ગીફ્ટ ને એંજોય કરીએ ને. કલ કી બાત કલ સોચેંગે.

-તને તો કંઇ કહેવા જેવું જ નથી.

-હું પણ તો એ જ કહું છું ને. 'કુછ ન કહો...કુછ ભી ન કહો...' બોલો, ચેન લેવા ક્યારે જવું છે?

-જ્યારે સોનું એક હજાર રુપિયે તોલો થશે ત્યારે.

-હે પતિદેવ! તમે કઇ સદીમાં જીવી રહ્યા છો? આપણે એકવીસમી સદીમાં પ્રવેશી ચૂક્યાં છીએ. આજે સોનું એક હજાર રૂપિયે તોલો વિચારવું એ પણ એક સ્વપ્ન છે.

-તો પછી તું સ્વપ્નમાં જ સોનાની ચેન ખરીદી લેજે. તારી અવનવી કે નિતનવી માંગણીઓ સાંભળીને હું ઓફિસે ચાલ્યો જાઉં તે પહેલાં એક અગત્યની વાત સાંભળી લે. આજના છાપામાં ત્રીજા પાને એક મહાન પણ સાદગીપૂર્ણ વ્યક્તિના જીવન વિશે સમાચાર છપાયાં છે તે વાંચજે.

-હવે આટલું સંભળાવ્યું છે, તો એ સમાચાર પણ તમારા સ્વમુખે સંભળાવતાં જાવ, સ્વામીનાથ!

-તેં 'ઇન્ફોસીસ ટેકનોલોજિસ' નું નામ તો સાંભળ્યું જ હશે.

-હા, છાપામાં અનેકવાર વાંચ્યું છે.

-એમ? શું વાંચ્યું છે છાપામાં?

-એ જ કે મંદીના ટ્રેન્ડમાંપણ નફો કરતી કંપનીઓમાં એનુ સ્થાન મોખરાનું છે. એના શેરના ભાવ ઘણાં ઉંચા છે. એ પણ લખ્યા હતાં, પણ મને એ યાદ નથી.

- યાદ રાખવા જેવું ભૂલી જાય છે. અને ન યાદ રાખવા જેવું યાદ રાખે છે.

-આપણી પાસે એના શેર પડ્યાં છે?

-ના.

-તો પછી એના શેરના ભાવ દસ હજાર હોય કે દસ લાખ, આપણને શું ફરક પડે છે? તમે શેરબજારના સારા એવા મોટા બ્રોકર છો પણ આવી સારી કંપનીના શેર રાખતા નથી અને પસ્તીના ભાવે પણ કોઇ લેવા તૈયાર ન થાય એવી એવી કંપનીઓ ના શેર લઇને રાખી મૂકો છો. તમારી જગ્યાએ જો હું હોત ને તો મસ્ત મસ્ત કંપનીના સારી એવી સંખ્યામાં શેરો લઇ રાખ્યા હોત.

-અચ્છા? તો હવે પછી હું તને પૂછી પૂછીને જ શેરોની લે-વેચ કરીશ, બસ? એમ કરને, મારે બદલે તું જ ઓફિસ જવાનું રાખ.

-તમને તો ખોટું લાગી ગયું. પણ મને જો એમાં સમજ પડતી હોત તો આ....કઇ કંપની? હા, ઇન્ફોસીસના શેરો જ ન લઇ

રાખ્યા હોત? જે વેચીને આજે સોનું તો ખરીદી શકાત.

-સોનું, સોનું, સોનું.... તને સોના સિવાય કંઈ દેખાતું નથી?

-દેખાય છે ને. પ્લેટિનમ અને ડાયમંડ.

-અરે, અસલી હીરા જેવા સાદગીપૂર્ણ માણસ છે આ ઈન્ફોસીસના સ્થાપક શ્રી નારાયણમૂર્તિ. એમની અંગત મિલકત હાલ ૧.૮૭ બિલીયન ડોલર્સ (કેટલા રૂપીયા થાય તે પછી તને ગણીને કહું છું.) ગણાય છે. બેંગલોરમાં નાનકડા મકાનમાં રહે છે, જાતે કાર ડ્રાઈવ કરીને ઓફિસે જાય છે અને દિવસના તેર તેર કલાક કામ કરે છે.

-અરરરર! બહુ કહેવાય. ભગવાન તું આવી દશા કોઇ પણ પૈસાદાર માણસની કરતો નહીં.

-ભગવાનનો વાંક ન કાઢ. 'સ્ટાર ઓફ એશિયા' નું બિરુદ મેળવનાર આ વ્યક્તિએ જાતે જ આવી સાદગીભર્યું જીવન પસંદ કર્યું છે.

-એમ? પણ એમની પત્નીને તો જલસા જ ને? જ્યારે સોનું ખરીદવું હોય ત્યારે ખરીદી શકે ને? અરે, સોનું જ શા માટે? કપડાં, ચપ્પલ, પર્સ, પર્ફ્યુમ જે કંઇ ખરીદવું હોય ખરીદી શકે. શેર વેચ્યા કે પૈસા હાજર.

-એમ ખુશ ન થઈ જા. તેઓ ધારે ત્યારે એમ કંઇ કંપનીના શેર વેચી ન શકે.

-અરે, એ તે કેવું? પોતાની કંપની અને પોતાની માલિકીના શેર વેચવા એમણે તે વળી કોની પરમિશન લેવા જવાનું?

-એ વાત તને કહું છું. પહેલાં એક કપ સરસ મસાલાવાળી ચા પાઇ દે.

-લો આ તમારી ગરમાગરમ મસાલાવાળી ચા. હવે અધૂરી વાત પૂરી કરો. મી. મૂર્તિ ધારે તો પણ પોતાના શેર વેચી કેમ ન શકે?

-કેમ કે બજારમાં ખબર પડે કે મી.મૂર્તિ શેર વેચી રહ્યા છે, તો એના ભાવ ગગડી જાય.

-ઘણું વિચિત્ર છે, આ તમારું શેરબજાર.

-જેવું છે એવું છે, એની વાત છોડ.

-ભલે. પણ મી. મૂર્તિની વાત તો કહો.

-એ તો બહુ સાદા માણસ છે. ઘરનું કામ પણ તેઓ જાતે જ કરે છે.

-કેમ? એમના પત્નીની કચકચથી કોઇ નોકર-ચાકર ઘરમાં ટકતાં નથી?

-એવું નથી.એમના પત્ની સુધાજી પણ સાદગીપૂર્ણ અને સ્વાવલંબી છે. પોતાનું કામ પોતે કરવામાં માને છે.

-ઓહ, અને મને તો કામવાળીબાઇ પંદર દિવસ માટે ગામડે જાય તો પણ અધરું પડી જાય છે.

-મી. મૂર્તિ પોતાના સંતાનોને સાદગી અને શિસ્ત શીખવવા આ કામો જાતે કરે છે.

-તો તમે પણ એમની પાસેથી પ્રેરણા લઈ હવેથી ઘરના કામમા મદદ કરવાનું રાખો.

-આપણાં સંતાનો તો હવે મોટાં થઇ ગયાં.

-બાય ધ વે, સુધાબેન શું ભણ્યા છે? અને હવે શું કરે છે?

-સુધાબેન એમ.ટેક. ની એકઝામમાં ફર્સ્ટ આવ્યા હતા અને ગોલ્ડમેડલ મેળવ્યો હતો.

-અને મી.મૂર્તિ?

-શ્રીમાન મૂર્તિ દસમાં નંબરે આવ્યા હતાં.

-હું નહોતી કહેતી કે હવે સ્ત્રીઓ પુરૂષોને પાછળ પાડતી થઇ ગઇ છે.

-હા, એ વાત તારી સાચી. મી.મૂર્તિ સુધાબેનની પાછળ જ પડેલા,એમનો હાથ માંગવા, લગ્ન કરવા માટે. હું પણ એમની જેમ જ માનું છું કે, "Every man needs a woman to motivate him and to give him a reason to Live."

-પછી? સુધાબેને એમને લગ્ન માટે હા પાડી?

-હાસ્તો. It's a Power of Love. મી. મૂર્તિના સાદગી, નિખાલસતા અને પ્રામાણિકતા સુધાબેનને ખુબ પસંદ આવ્યા. એમણે લગ્ન માટે હા પાડી. એટલું જ નહીં પતિને બીઝનેસમાં આગળ આવવાની પ્રેરણા આપી, સાથ અને સહકાર આપ્યો.

-ખરેખર સુધાબેન એક આદર્શ પત્ની કહેવાય, મને એમના માટે ખુબ માન છે.

-સાંભળ તો ખરી. જ્યારે એમની કંપનીમાં 'બોર્ડ ઓફ ડિરેક્ટર' તરીકે પતિ અથવા પત્ની, બે માંથી એકે જ રહેવું એવું સૂચન મળ્યું ત્યારે સુધાબહેને સ્વેચ્છાએ એ પદ જતું કર્યું.

-એમ તો હું પણ તમે જમવા આવો છો ત્યારે તમારી ડાઈનીંગ ચેરવાળી જગ્યા સ્વેચ્છાએ ખાલી નથી કરી આપતી?

-હા ભાઇ હા. યૂ આર ગ્રેટ. સુધાબેને સ્વેચ્છાએ ઘર સંભાળ્યું છે, ટેલિફોન રીસીવ કરે છે, કોમ્પ્યૂટરના પ્રોબ્લેમ સોલ્વ કરી આપે છે, કોમ્પ્યૂટરના પ્રોગ્રામ્સ બનાવી આપે છે.

-પ્રોગ્રામ્સ તો હું પણ કેટ્કેટલાં બનાવું છું, પણ....જવા દો. હું પણ તમે નહાવા જાઓ છો ત્યારે તમારા ફોન રીસીવ કરું છું. અને જો તમે મને જણાવો તો તમારાં પ્રોબ્લેમ તો હું પણ સોલ્વ કરી આપું.

-રહેવા દે, તું જેટલું કરે છે, એટલું પણ મારા માટે તો ઘણું છે. અને

હા, સુધાબેન પુસ્તકો પણ લખે છે, અને તે ઘણી બધી ભાષામાં પ્રકાશિત પણ થયાં છે.

-એમ તો મારાં પણ હાસ્યલેખોનાં ચાર પુસ્તકો પ્રકાશિત થયાં છે, એમાંથી બે ને ઈનામ પણ મળ્યાં છે અને પાંચમાં પુસ્તક માટે હું તૈયારી પણ કરી રહી છું. હા, તફાવત એટલો છે કે મારાં પુસ્તકો માત્ર ગુજરાતીમાં જ પ્રકાશિત થયાં છે.

-હા. એ રીતે તું ક્રીએટીવ છે ખરી. ગપ્પાં મારવાં કરતાં એ પ્રવૃત્તિ સારી છે. આઇ લાઇક ઇટ.

-થેંક્યુ. સુધાબેન બીજુ શું શું કરે છે?

-સુધાબેને બેંગલોરમાં બાળકોના સર્વાંગી વિકાસ માટેનો પ્રોજેક્ટ હાથ ધર્યો હતો. એ માટે એમને મહિનામાં લગભગ વીસેક દિવસ પ્રવાસ ખેડવો પડતો હતો.

-બાપરે! મને તો ટ્રાવેલિંગનો બહુ જ કંટાળો છે.

-સુધાબેનને તો કદાપિ હતાશા થઇ નથી કે તેઓ કદાપિ નિરુત્સાહી થયા નથી કે એમને કદી કંટાળો આવતો નથી.

-માણસ હોય એને કદી કંટાળો ન આવે, હતાશા-નિરાશા ન થાય એ વાત આમ તો માનવામાં આવે એવી નથી. છતાં તમે કહો છો તો હું માની લઉં છું. પણ તેઓ કોઇવાર ફિલમ બિલમ જોવા જાય કે નહીં?

-હા. મૂડ આવે ત્યારે તેઓ કોઇ સારું પિક્ચર જોઇ નાંખે છે.

-લ્યો, આ વાત તમે બહુ સારી કરી. મારો પણ મૂડ આજે ફિલ્મ જોવા જવાનો છે. જઇશું ને?

-આજે તો મારે એક અગત્યની મીટીંગમાં જવાનું છે. સાંભળ. તેઓ ચાલે ત્યાં સુધી જુની કાર જ વાપરે છે. અને તને દર વખતે નવી કાર લેવાનું મન થાય છે.

-એ તો આપણી કાર જુની થઇ ગઇ છે, ખખડી ગઇ છે, એટલે.

-તો પણ હજી બીજા બે-એક વર્ષ તો નીકળી જશે. હા, હું કહેતો હતો કે મી. મૂર્તિ તો હવે ઇન્ફોસીસમાંથી નિવૃત્ત થઇ ગયા છે. પણ મૂર્તિ પરિવારની હોબી વાંચન છે.

-એ તો આપણા પરિવારની હોબી પણ વાંચન છે. એમના વિશે આ બધું સાંભળીને મને તો લાગે છે કે મી.મૂર્તિ અને આપણી લાઇફ સ્ટાઈલમાં ઝાઝો તફાવત નથી.

-અચ્છા, અને એમની સંપત્તિ જે ૧.૮૭ બિલીયન ડોલર્સ છે, તે...

-હા, માત્ર એ એક તફાવત છે, કે એમની પાસે ૧.૮૭ બિલીયન ડોલર્સ ની સંપત્તિ છે જે આપણી પાસે નથી. બાકી તો બધું સરખે સરખું જ લાગે છે.

-એમ ને? તો હવે?

-તો હવે શું. તમે આજે જતાં જતાં દાળ-ચોખા-તેલનો ઓર્ડર આપી દેજો.

-અને સોનું ખરીદવાનો વિચાર?

-પડતો મૂક્યો.

-થેંક્યુ. તો હવે હું જાઉં ઓફિસે?

-હા, ખુશીથી અને નચિંત મને જાઓ. હું પણ હવે ઘરકામમાં લાગું.

## આજની જોક

એક શિક્ષક: જો મને તાતા-અંબાણીનો બિઝનેસ મળી જાય તો હું એમના કરતાં વધારે રુપિયા કમાઉં.

બીજા શિક્ષક: એ કઇ રીતે?

પહેલા શિક્ષક: હું બિઝનેસ ઉપરાંત ટ્યુશન પણ કરું ને.

# પંચોલી સમાજનું ગૌરવ



મૂળ સંખેડાના અને હાલ ગોધરાના શ્રી પંચોલી શૈલેષકુમાર કાંતિલાલ કે જેઓ ‘ગુજરાત મા. અને ઉચ્ચતર મા. શિક્ષણ બોર્ડ’ ગાંધીનગરના સદસ્ય છે. અને ‘ગુ.રા.મા.શિક્ષણ મહામંડળ’ ના મિડીયા કન્વીનર અને પંચમહાલ જિલ્લા મા. શિક્ષક સંઘના મહામંત્રી અને દિવ્ય જયોત મા. અને ઉ.મા. વિદ્યાલય મુ.પો. માતરીયા-વેજમા તા. મોરવા (હ)માં ઇનચાર્જ આચાર્ય તરીકેની ફરજ બજાવે છે. તેઓની ડિસેમ્બર-૨૦૧૭ના પ્રથમ સપ્તાહમાં કાઠમંડુ-નેપાળ ખાતે ૩૫ દેશોના ૩૫૦ પ્રતિનિધીઓની ‘એશિયા-પેસેફિક’ રીજીયોનલ કોન્ફરન્સમાં’ ક્વોલીટી પબ્લીક એજયુકેશન ફોર ઓલ અને એજયુકેશન ૨૦૩૦ એજન્ડા અંગે યોજેલ કોન્ફરન્સમાં ગુજરાતના એકમાત્ર માધ્યમિક શિક્ષકોમાંથી ‘ગુજ. રા.મા.શિ.સંઘ મહામંડળના પ્રતિનિધિ તરીકે ‘ઓલ ઇન્ડિયા ફેડરેશન ઓફ ટીચર્સ ઓર્ગેનાઇઝેશન (AIFTO) માંથી શ્રી એસ કે. પંચોલીએ પ્રતિનિધિત્વ કરેલ જે કોન્ફરન્સમાં ભારત અને ગુનરાતની શિક્ષણ અને શિક્ષકની સમસ્યાઓ વિશે વિસ્તૃત રજૂઆત અને ચર્ચા વિચારણા કરી આંતર રાષ્ટ્રીય લેવલે ઠરાવો પસાર કરાયા હતા. જે ભારતના એચફઆરફડીફ મંત્રાલયને અને આ પસાર થયેલા દરેક દેશના તમામ વિધાયકો ઇ.આઇ. એશિયા દ્વારા યુનેસ્કોને અને યુનેસ્કો દ્વારા જે તે દેશના એચ.આર.ડી. મંત્રાલયને ટૂંક સમયમાં મોકલવામાં આવશે...

# સંસ્થા સમાચાર

## પંચોલી સમાજ અમદાવાદ



રાજપીપલા વિભાગ મિત્રમંડળ અમદાવાદ તા. ૧૯.૧૧.૨૦૧૭ને રવિવારે સામાન્ય સભા અને ઇનામ વિતરણ કાર્યક્રમના ભાગ રૂપે અગ્રણી ચિત્રકાર, સાહિત્ય સર્જક અને કલાગુરૂ, સામાજીક કાર્યકર શ્રી જય પંચોલીનું ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી 'ગૌરવ પુરસ્કાર'થી સન્માનિત થવાના ભાગરૂપે 'રાજ પરિવાર ગૌરવ' એવોર્ડ - શાલ - બુકેથી સન્માનિ કરાયા. ૩૦૦ ઉપરાંત સભ્યોની હાજરીમાં એવોર્ડ વિતરણ વખતે 'સ્ટેન્ડીગ ઓવેશન' સાથે તાળીઓના ગડગડાટથી બહુમાન થયુ. સ્વરૂચિ ભોજન બાલ સૌ કલાકારોને ખુબ ખુબ અભિનંદન પાઠવી શુભેચ્છાઓ અર્પી. હજૂ પણ વધુ ને વધુ સિદ્ધિ પ્રાપ્ત કરી સમાજનું ગૌરવ વધારતા રહો....એ શુભેચ્છાઓ

## પંચોલી સેવા સમાજ અંકલેશ્વર



શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વરનો સ્નેહ મિલન સમારંભ તથા ત.જસ્વી તારલા ઇનામ વિતરણ કાર્યક્રમ તા. ૧૨.૧.૨૦૭ને રવિવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે રાખવામાં આવી હતી. જેમાં સમાજના સભ્યો ઉત્સાહભેર ભાગ લીધો હતો.

પ્રથમ પ્રવકતા દિનેશભાઇ મોહનલાલ મિસ્ત્રીએ અંકલેશ્વર એકમના પ્રમુખ શ્રી પરેશભાઇ અમ્રતભાઇ મિસ્ત્રી, તેજસ્વી તારલા ઓના ઇનામ વિરણના સ્પોન્સર શ્રી ચેતનભાઇ વિઠ્ઠલભાઇ પંચોલી, નોટબુક સ્પોન્સર ડો. મહેશભાઇ મોહનલાલ મિસ્ત્રી, મંત્રી શ્રી મૌલિકકુમાર મહેશભાઇ મિસ્ત્રી, શ્રી પંચોલી મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ મીનાબેન છગનલાલ મિસ્ત્રી તથા મંત્રી શ્રીમતિ બિનીતાબેન હેમેન્દ્રભાઇ પંચોલીને સ્ટેજ પર સ્થાન ગ્રહણ કરવા વિનંતી કરી..

પ્રથમ કુ. નિષ્ઠા, ચિ. પ્રયાગ અને ચિ. તસ્મયની સુંદર પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરવામાં આવી. પ્રમુખ શ્રી પરેશભાઇ મિસ્ત્રીએ સૌને આવકાર્યા અને નૂતન વર્ષના અભિનંદન પાઠવ્યા. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ મીનાબેને સૌને સાલમુબારક પાઠવ્યા અને મહામંડળ તરફથી બી વિભાગમાં મહિલા મંડળને બીજો નંબર આવવા બદલ સર્ટીફિકેટ તથા રોકડ રકમ મળ્યા તે મો મંડળની સભ્ય બહેનોનો આભાર વ્યકત કર્યો અને મહામંડળનું ઇનામ પ્રાપ્ત કરવા બદલ મંડળ તરફથી સભ્ય બહેનોને લ્હાણી આપવામાં આવી.

ઈનામ વિતરણના સ્પોન્સર શ્રી ચેતનભાઇએ તથા ડો. મહેશભાઇએ સૌને સંબોધ્યા.. ત્યારબાદ ઇનામ વિતરણ સ્ટેજ પર બિરાજેલ મહાનુભાવો તથા શ્રીમતિ જ્યોતીબેન ચેતનભાઇ પંચોલીના વરદ હસ્તે આપવામાં આવ્યા.

| ધોરણ | નામ |
|---|---|
| નર્સરી | યુગ હિતેષભાઇ મિસ્ત્રી |
| કે.જી | જીત પ્રજેશકુમાર પંચોલી |
| ૨ | અક્ષત મલયકુમાર મિસ્ત્રી |
| ૨ | નિધિ હેમેન્દ્રભાઇ પંચોલી |
| ૩ | પ્રયાગ પરેશભાઇ પંચોલી |
| ૪ | ક્રિશ્ના ગૌરાંગભાઇ પંચોલી |
| | નિષ્ઠા જેસલભાઇ મિસ્ત્રી |
| ૫ | તસ્મય પરેશભાઇ મિસ્ત્રી |

હેનીલ ચેતનભાઇ પંચોલી
દેવ ગોપાલભાઇ પંચોલી
૬ શુભમ પ્રશાંતભાઇ પંચોલી
તીર્થ ધર્મેશભાઇ પંચોલી
શિવાંગ ધવલકુમાર પંચોલી
૭ અશીત ગૌરાંગભાઇ પંચોલી
નેહા હિતેષભાઇ મિસ્ત્રી
૮ રિદ્ધિ સંજયભાઇ પંચોલી
ઓમ રાકેશભાઇ મિસ્ત્રી
મિસ્ત્રી વૈષ્ણવી મુકેશભાઇ મિસ્ત્રી
૯ શૈલી જેસલભાઇ મિસ્ત્રી
૧૦ જીત નિમેષભાઇ મિસ્ત્રી
રીયા ધર્મેશભાઇ પંચોલી
માનસી નિલેશભાઇ પંચોલી
દિશા અજયભાઇ પંચોલી
૧૧ સ્મિત સંજયભાઇ પંચોલી
વૃશાલી નિલેષભાઇ મહેતા
પૂજા જયેશભાઇ પંચોલી
ભાવિક ગજેન્દ્રભાઇ પંચોલી
ડિપ્લોમા ધ્રુવ મુકેશભાઇ મિસ્ત્રી
એસ.વાય દિતી રાજેશભાઇ પંચોલી
નિલેશ પંચોલી

નવયુગના તંત્રી શ્રી દિનેશભાઇ મિસ્ત્રીએ નવયુગ માટે જાહેરાત કે શુભેચ્છા ભેટ માટે ટહેલ નાંખતા સુંદર પ્રતિસાદ સાંપડયો અને નીચે મુજબની ભેટ પંચોલી નવયુગને મળી.

૬૦૦ સ્વ. જેકોરબેન અને સ્વ. વિઠ્ઠલદાસ સોમાભાઇ પંચોલી પરિવાર તરફથી નવયુગ પોર્ષ્ટીંગ માટે
૨૫૧ અજયકુમાર ચંદુલાલ પંચોલી
૧૦૦ રચના અમિતકુમાર પંચોલી અને દિલીપભાઇ જે. પંચોલી
૧૦૧ અમ્રતભાઇ હરીભાઇ મિસ્ત્રી
૧૦૦ રમણભાઇ હરકીશનદાસ પંચોલી
૧૦૦ પ્રજેશકુમાર ગુરૂસેવક પંચોલી
૧૧૧ બાબુભાઇ હરગોવિંદદાસ પંચોલી
૧૦૦ અરવિંદભાઇ નરભેરામ પંચોલી
૧૦૦ છગનભાઇ આત્મારામ મિસ્ત્રી
૧૦૦ ધવલ રાજેન્દ્રભાઇ મિસ્ત્રી
૧૫૧ સંજય અરૂણકુમાર પંચોલી

ઇનામ વિતરણ બાદ સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવ્યો જેમાં જાનવી મલય મિસ્ત્રી, નિધિ હેમેન્દ્ર પંચોલી, જીત પ્રજેશ પંચોલી, નિષ્ઠા જેસલ મિસ્ત્રી, તસ્મય પરેશભાઇ મિસ્ત્રી, પ્રયાગ પરેશભાઇ મિસ્ત્રી, વૈષ્ણવી દીપેશભાઇ પંચોલી, તિર્થ ધર્મેન્દ્રભાઇ પંચોલીએ રજુ કર્યો હતો.

અંતમાં સ્વાદિષ્ટ ભોજન મઠો, બટાકાવડા, પુરી ઉંધીયુ, પાપડ, સલાડ અને પુલાવ કઢીને ન્યાય આપી છુટા પડયા.

આજના પ્રસંગે નીચે મુજબ દાન મળ્યું હતું.
૨૫૧ અજયકુમાર ચંદુલાલ પંચોલી
૧૦૦ અરવિંદભાઇ નરભેરામ પંચોલી તરફથી તા. ૨૬.૧૧.૧૭ના રોજ ૬૩મી વર્ષગાંઠ નિમિત્તે
૧૦૦ કુસુમબેન અરવિંદભાઇ પંચોલી તરફથી ૯.૧૧.૨૦૧૭ના રોજ ૬૦મી વર્ષગાંઠ નિમિત્તે.
૨૫૧ સોનલબેન અને મનોજભાઇ રમેશભાઇ પંચોલી તરફથી ૨૫મી મેરેજ એનીવર્સરી નિમિત્તે.
૧૦૦ મનોજકુમાર આર. પંચોલી તરફથી ૫૦મી વર્ષગાંઠ નિમિત્તે.
૧૦૦ રચના અમિતકુમાર પંચોલીની પ્રથમ એની વર્સરી નિમિત્તે દિલીપભાઇ તરફથી
૧૦૧ સંજયકુમાર અરૂણભાઇ પંચોલીને ત્યાં પુત્રીરત્ન રુહીના જન્મ નિમિત્તે.
૨૦૦ રાજેન્દ્રભાઇ દલપતરામ મિસ્ત્રી
૨૦૦ ડૉ. વિસ્મય મહેશભાઇ મિસ્ત્રી તરફથી મેરેજ એનીવર્સરી નિમિત્તે.
૧૧૧ બાબુભાઇ હરગોવિંદદાસ પંચોલી

દાતાઓનો ખૂબ ખૂબ આભાર

### સ્વયં સુરત - નવરાત્રી ઉત્સવ

સ્વયં સુરત દ્વારા તા. ૨૩.૯.૧૭ના રોજ સ્વયં સુરતના સભ્ય દિપેશ અનુપભાઇ મિસ્ત્રીના નિવાસ સ્થાને નવરાત્રી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.. જેમાં સ્વયં-સુરતના સભ્યો તથા તેઓના પરિવાર અને રીલેટીવ મળીને કુલ ૬૦ સભ્યોએ ભાગ લીધો હતો.

૮.૩૦ અંબેમાતાની આરતી કરીને સૌએ નવલી નવરાત્રીનો આરંભ કર્યો. સૌએબે તાળી, ત્રણ તાળી અને દોઢીયાની રંગત જમાવી હતી.

આ પ્રસંગે સ્વયંના સભ્ય સાગરભાઇ પંચોલી તરફથી સ્વયંને સ્પીકર તથા લાઇટીંગની સ્પોન્સરશીપ મળી હતી. ૧૧ વાગ્યે સૌએ વિરામ લઇ હળવો નાસ્તો રગડા સમોસા તથા કોલ્ડ કોકોનો આનંદ માણ્યો હતો.

આજના આ પોગ્રામમાં નાના મોટા સૌ મન મૂકીને નવલી નવરાત્રીમાં મન મૂકીને ગરબે ઘૂમ્યા રાત્રે ૧.૩૦ કલાકે સૌ નવલીરાત નવરાત્રીને યાદ કરતા કરતા છુટા પડ્યા..

### સ્વયં સુરતની અનોખી દિવાળી



સ્વયં સુરતના સભ્યો દ્વારા આ વખતે દિવાળી કઇંક અલગ રીતુ ઉજવવાનું વિચારવામાં આવ્યું જેના માટે નકિક કરવામાં આવ્યું કે દરેક સભ્યએ પોતાને જે રકમ ફંડ તરીકે આપવી હોય એ પ્રમુખ શ્રીને નોંધાવવું. નામ તથા રકમ ગુપ્ત રાખવામાં આવશે. જેમાં સુંદર પ્રતિસાદ સાંપડ્યો જેમાં સોનામાં સુગંધ ભળે એમ સુરતના એક સદ્ ગૃહસ્થે કહ્યુ કે તમારા સભ્ય દ્વારા ભેગી થયેલ રકમ જેટલી જ રકમ તેઓ આપશે.. અને સૌ સભ્યના ઉત્સાહના ફળ સ્વરૂપે રૂા. ૫૧,૦૦૦/- જેવી માતબર રકમ ભેગી કરી.

આ રકમને સદ્કાર્યમાં વાપરવાનું નકિક કરવામાં આવ્યુ. બધા સભ્યોએ ભેગા મળી 'જીવન વિકાસ ટ્રસ્ટ' દ્વારા સંચાલિત મંદબુદ્ધિના બાળકોની શાળામાં જઇ ૭૫ વિદ્યાર્થીઓને સ્કૂલબેગનું વિતરણ કરવામાં આવ્યું. સ્વયંના એક સભ્ય દ્વારા વદ્યાર્થીઓને કેકનું વિતરણ કરવામાં આવ્યું. લગભગ ૯૦ ટકા સભ્યો દ્વારા આ સોશ્યલ એકટીવીટી માટે કોન્ટ્રબ્યુશન મળ્યું હતું.

આમ આ વખતે સભ્યોએ કંઇક અલગ રીતે દિવાળી પ્રસંગે આનંદની લ્હાણી કરી અને આનંદની લાગણી પણ અનુભવી.

## પંચોલી જ્ઞાતિ સમાજ-વ્યારા

પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારાની વાડીમાં ફોટા મુકવાની સ્કીમમાં રૂા. ૭,૫૦૦/-નું દાન સ્વ. રાજેશભાઇ મોહનભાઇ પંચોલી-માંડવીના સ્મરણાર્થે યુ.કે. નિવાસી એમના પુત્ર મયંક તથા પુત્રી ભૂમી તરફથી મળ્યા છે... દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર.

# સમાજવાડીમાં ખીલેલ પુષ્પો



અંકલેશ્વર(ઉમરવા) નિવાસી સંજયકુમાર અરુણભાઇ પંચોલીને ત્યાં પુત્રીરત્ન 'ચિ. રુહી' નો જન્મ તા. ૨૧.૧૦.૨૦૧૯ના રોજ થયો..
માતા : જાગૃતિબેન



મુંબઇ નિવાસી કૃણાલકુમાર રાજેન્દ્રભાઇ પંચોલીને ત્યાં પુત્રીરત્ન 'ચિ. હિતાન્શી' નો જન્મ તા. ૧.૧૧.૨૦૧૯ના રોજ થયો..
માતા : ટવીન્કલબેન

નવયુગ શુભેચિંતક અ.નિ.પુષ્પાબેનબાલકૃષ્ણજરીવાલા સુરત શ્રીસુરેશચંદ્રમણિલાલછાપાવાલા સુરત

# મહિલા સમાચાર

**શ્રી પ્રગતિ મહિલા મંડળ-વ્યારા**

તા. ૦૧.૧૦.૨૦૧૭ના રોજ શ્રી પ્રગતિ મહિલા મંડળ-વ્યારાની એક મિટિંગ પંચોલી વાડીમાં રાખવામાં આવી હતી. કુસુમબેનની સુંદર પ્રાર્થનાથી મિટિંગની શુભ શરૂઆત કરવામાં આવી. પ્રિયંકાબેને સરપ્રાઈઝ ગેમ રમાડી વિજેતા કિરણબેન ધર્મેશભાઇ પંચોલી થયા. બર્થ-ડે અને એનીવર્સરી વિશ કરવામાં આવી.

માસ દરમ્યાન બે સ્પર્ધા રાખવામાં આવી. જેમાં રંગોળી સ્પર્ધા (મીંડાવાળો સાથિયો) : જેના વિજેતા સોનલબેન સુનિલભાઇ પંચોલી-પ્રથમ અને નેહાબેન જેનિશભાઇ પંચોલી વિજેતા થયા.

બીજી સ્પર્ધા દાંડીયા ડેકોરેશન સ્પર્ધા : ગીતાબેન જયેશભાઇ ગાંધી-પ્રથમ અને રીટાબેન રાકેશભાઇ પંચોલી-દ્વિતીય વિજેતા થયા.

નિર્ણાયક તરીકેની સેવા શિલ્પાબેન દેસાઇએ આપી હતી. તેમને સ્મૃતિભ.ટથી સન્માનિત કર્યા હતાં.

મહિલા મંડળ તરફથી ૫૭ કિલો ધારીનું વેચાણ કરવામાં આવ્યું હતું એ નિમિત્તે પંચોલી સમાજ વ્યારા તરફથી પ્રગતિ મહિલા મંડળને રૂા. ૧૦૦૦/-ની ભેટ આપી હતી.

શિલ્પાબેન તરફથી મોદીકેર ડેમો રાખવામાં આવ્યો હતો. જેમાં મોદીકેરની બધી પ્રોડક્ટો તથા તે વિષેની વિશેષ માહિતી આપવામાં આવી હતી અને વેચાણ કરવામાં આવ્યું હતું. આવતા માસની મિટિંગ તા. ૦૫.૧૧.૧૭ના રોજ રાખવામાં આવી છે.

**તા. ૦૫.૧૧.૨૦૧૭ના રોજ શ્રી પ્રગતિ મહિલા મંડળ-વ્યારા**ની એક મિટિંગ પંચોલી વાડીમાં રાખવામાં આવી હતી. પ્રમુખ શ્રીમતિ પારૂલબેન ગાંધીએ બહેનોને આવકાર આપી નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી અને માનનીય શ્રી અટલ બિહારી વાજપેયજીની દિવાળી નિમિત્તેની કવિતા રજુ કરી. પદમાબેનની સુંદર પ્રાર્થનાથી મિટિંગની શુભ શરૂઆત કરવામાં આવી. રંજનબેને સરપ્રાઈઝ ગેમ રમાડી જેના વિજેતા ભાવિનીબેન આશિષભાઇ પંચોલી થયા. આ માસમાં આવતી બર્થ-ડે અને એનીવર્સરી વિશ કરવામાં આવી.

આજરોજ બે સ્પર્ધા રાખવામાં આવી. જેમાં વેસ્ટમાંથી બેસ્ટઃ જેના વિજેતા કૃતિબેન કૃણાલભાઇ પંચોલી -પ્રથમ અને શીતલબેન મયૂરભાઇ ગાંધી-દ્વિતીય આવ્યા.

દિવાળી ગ્રીટીંગ્સ કાર્ડ મેકીંગ : જેમાં પૂજાબેન નરેશભાઇ પંચોલી-પ્રથમ અને સોનલબેન સુનિલભાઇ પંચોલી-દ્વિતીય વિજેતા થયા.

નિર્ણાયક તરીકેની સેવા નિતલબેને આપી હતી. તેમને સ્મૃતિભેટ આપી સન્માનિત કર્યા હતાં.

અગામી માસની મિટિંગ તા. ૧૭.૧૨.૧૭ના રોજ રાખવામાં આવી છે. અંતમાં બટાકાપુરી, ચટણી તથા સોનપાપડીનો અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

૧૦૧ રક્ષાબેન બીપીનભાઇ પંચોલી-નૂતન ગૃહ પ્રવેશ
૧૦૨ શીતલબેન મયુરભાઇ ગાંધી તરફથી બર્થડે તથા એનીવર્સરી નિમિત્તે
૧૦૦ કૃતિબેન કૃણાલભાઇ પંચોલી-બર્થડે નિમિત્તે
દાતાઓનો આભાર..

**શ્રી પંચોલી ભગીની સમાજ-મુંબઈ**

તા. ૨,.૦૯.૨૦૧૭ને રવિવારને દિને મહારાજા બેન્કવેટ એ.સી.હોલ મીરારોડમાં શ્રી પંચોલી સેવા સમાજ, શ્રી પંચોલી ભગીની સમાજ અને શ્રી યુવા પંચ આવિષ્કાર ગ્રુપના સથવારે નવરાત્રી પ્રસંગે રાસ-ગરબા તેમજ દાંડીયા-રાસનો પોગ્રામનું આયોજન કરવામાં આવ્યો હતો.

નવરાત્રીના આ શુભ પ્રસંગે અધ્યક્ષા શ્રીમતિ જીગીષા દિવ્યેશ મિસ્ત્રીએ પોતાનું અભ્યક્ષ સ્થાન શોભાવી ૫.૦૦ વાગે માતાની આરતી ઉતારી શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. ત્યારબાદ પ્રસાદની વહેંચણી કરી સંગીતના તાલે નાના બાળકો થી વરિષ્ઠ સુધી સુંદર રંગબેરંગી પરિધાનમાં બધાએ રાસ-ગરબાની મજા માણી અને આનંદથી ઝુમ્યા હતાં.

શ્રી પંચોલી સેવા સમાજના મંત્રી શ્રી પરાગ નવિનભાઇ મિસ્ત્રી તેમજ પંચોલી ભગીની સમાજના મંત્રી શ્રીમતિ ઇલાબેન રજનીકાંત પંચોલીએ મિટિંગની શરૂઆત કરી. અધ્યક્ષા જીગીષા દિવ્યેશ મિસ્ત્રી, દિવ્યેશ ભરતભાઇ મિસ્ત્રી, શ્રી પંચોલી ભગીની સમાજના પ્રમુખ શ્રીમતિ અનુરાધા ચેતનભાઇ કાપડિયા, શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઇના પ્રમુખ શ્રી રાહુલભાઇ જીતેન્દ્ર મિસ્ત્રી, યુવામંચ આવિષ્કાર ગ્રુપના પ્રમુખ નકુલ ભાવિકકુમાર કાપડિયા, નારીરત્ન માનનનિય હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રીને પોતાનું સ્થાન ગ્રહણ કરવા જણાવ્યું હતું.

શ્રી પંચોલી ભગીની સમાજના પ્રમુખ શ્રીમતિ અનુરાધાબેનને અધ્યક્ષા જીગીષા દિવ્યેશ મિસ્ત્રીનું સ્વાગત કર્યુ હતું. તેમજ અભ્યક્ષાએ શ્રી પંચોલી ભગીની સમાજને રૂા. ૩,૩૩૩/-ની ભેટ આપી હતી. નારીરત્ન માનનીય હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રીએ નવરાત્રી પ્રસંગે સંબોધન કરી તેમના તરફથી દર વર્ષની જેમ આવેલ દરેક સભ્ય બહેનોને લ્હાણી આપી હતી. કાલા ચશ્મા પર દરેક કપલ જોડીએ નૃત્ય કરી કાર્યક્રમને વધારે ઉત્સાહીત કર્યો હતો.

રાત્રી ભોજન ૮.૦૦ કલાકે શરૂ કરવામાં આવ્યું. જેમાં શાહી પનીર, પરાઠા, કઢી, ભાત, ગુલાબજાંબુ, પાપડ, સલાડ તેમજ નવરાત્રીના ઉપવાસીઓ માટે ફરાળી સાબુદાણાની ખીચડી અને ચટણીનું સ્વાદિષ્ટ ભોજનનો ૧૫૨ વ્યકિતએ લાભ લીધો. ઠંડા પીણા, કાર્ય ક્રમની શરૂઆતથી પોગ્રામ પૂર્ણ થયો ત્યાં સુધી દરેકને આપી તરસ છીપાવવામાં આવી હતી.

આવી જ રીતે દરેક સભ્યોનો સાથ સહકાર મળતો રહેશે તો કાર્યમ હજી સારી રીતે સફળ થશે એવી અભ્યર્થના...

આજના પ્રસંગે મળેલ ભેટ

૫૦૦ રેશ્મા કુંતલભાઇ પંચોલી-માહિમ
૫૦૦ ભાવના સંદિપભાઇ મિસ્ત્રી-અંધેરી
૫૦૦ અલ્પા મહેન્દ્રભાઇ મિસ્ત્રી-વિરાર
૩૦૦ ટવીંકલ કૃણાલભાઇ પંચોલી-મુંબઇ
૨૦૦ હિના જયદીપ ઝવેરી-પુત્ર અંશના જન્મ નિમિત્તે
૨૫૧ કમલ ઇશ્વરલાલ મિસ્ત્રી-ખેતવાડી
૨૫૧ નિતા રવિન્દ્ર મિસ્ત્રી
૨૫૧ ઇન્દુબેન પ્રવિણચંદ્ર પંચોલી-મીરારોડ
૨૦૦ નયના નિલેષ મિસ્ત્રી-નાલા સોપારા
૨૦૦ સંગીતા કૌશિકભાઇ પંચોલી-મીરારોડ
૨૦૦ પન્ના ભોગીલાલ મહેતા
૧૦૧ ઇલાબેન રજનીકાંત મિસ્ત્રી
૧૦૧ સુશીલા શરદભાઇ મિસ્ત્રી-મુંબઇ
૧૫૧ નિતા વિમલભાઇ મિસ્ત્રી-મુબઇ
૧૦૧ તેજલ કેતનભાઇ મિસ્ત્રી-વસઇ
૨૦૦ ખ્યાતિ નિલેશ મિસ્ત્રી-વિરાર
૩૦૨ નિરૂપાબેન / ડિમ્પલ મિસ્ત્રી
૧૦૧ ભાવના ઉમેશભાઇ પંચોલી-કાંદીવલી
૧૫૧ વિણા મયૂરભાઇ મિસ્ત્રી
૧૦૧ જયોતિબેન ઠાકોરભાઇ મિસ્ત્રી
૧૦૧ કલાવતી ડી. પંચોલી
૧૦૧ જયોતિ જગદીશ મિસ્ત્રી
૨૦૧ જયોતિ જતીનભાઇ મિસ્ત્રી-ગોલદેવળ
૧૦૧ કેતકી કમલેશ મિસ્ત્રી
૧૦૧ વિપુલા સુભાષ પંચોલી
૫૧ ચેતના મહેન્દ્રભાઇ મિસ્ત્રી-મુંબઇ
૨૫૧ અનુરાધા મુકેશભાઇ પંચોલી શાંતાક્રુઝ
૩૦૧ હર્ષા જે. મિસ્ત્રી-વિરાર
૧૧ પ્રવિપા પ્રકાશ મિસ્ત્રી
૩૦૦ વિશાલ કમલભાઇ-મહેમાન ફી
૩૦૦ કાશ્મીરા પ્રવિણભાઇ - મહેમાન ફી.

**શ્રી પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર**

તા. ૨૭.૧૦.૨૦૧૭ના રોજ મહિલા મંડળની મિટિંગ રાખવામાં આવી હતી. મિટિંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ ગત મિટિંગનો અહેવાલ વાંચવામાં આવ્યો તથા આ માસમાં આવતી બર્થડે અને એનીવર્સરી વિશ કરવામાં આવી. જેમાં નીતાબેન રાજેશભાઇ પંચોલીની એનીવર્સરી હોવાથી તેમને ગીફટ આપી શુભેચ્છાઓ પાઠવી.

વન મિનિટ ગેમ રમાડી જેમાં ૫૦ વર્ષથી ઉપરનામાં જયોત્સનાબેન બાબુભાઇ પંચોલી અને ૫૦ વર્ષથી નીચેનામાં પ્રકાશવંતીબેન દિલીપભાઇ પંચોલી વિજેતા થયા. મહિલા મંડળ તરફથી વિજેતા બહેનોને ઇનામ આપી નવાજયા.

૫૧ નીતાબેન રાજેશભાઇ પંચોલી તરફથી એનીવર્સરી નિમિત્તે ભેટ આપ્યા. આગામી મિટિંગ તા. ૨૨.૧૧.૨૦૧૭ના રોજ સોનલબેન મનોજભાઇ પંચોલીના નિવાસ સ્થાને રઘુવીરનગર ખાતે રાખવાનું તેમન ફિલ્મીગીત સ્પર્ધાન આયોજન કરવાનું નકકી કરવામાં આવ્યુ.

વિશેષમાં તા. ૧૦.૧૦.૨૦૧૭ના રોજ મહિલા મંડળની બહેનો તરફથી જરૂરીઆતમંદોને કપડાં વિતરણ કરવામાં આવ્યા હતાં. તથા 'શૈશવ' સ્કૂલમાં મંદબુદ્ધિના બાળકોને યુનીફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું.

તા. ૨૨.૧૧.૨૦૧૭ની મહિલા મંડળ અંકલેશ્વરની મિટિંગ રઘુવીર નગર નિવાસી શ્રીમતિ સોનલબેન મનોજભાઇ પંચોલીના નિવાસ સ્થાને રાખવામાં આવી હતી. પ્રથમ સમૂહમાં પ્રાર્થના કરી મિટિંગની શુભ શરૂઆત કરી. મંત્રીશ્રી એ અગાઉની મિટિંગનો અહેવાલ વાંચી સંભળાવ્યો. ત્યારબાદ આ માસમાં આવતી સભ્ય બહેનોની બર્થડે અને એનીવર્સરી વીશ કરી શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

પ્રોજેકટ અનુસાર આજરોજ ફિલ્મી ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ જાગૃતિબેન ગોપાલભાઇ પંચોલી અને દ્વિતીય નીતાબેન રાજેશભાઇ પંચોલી વિજેતા બન્યા હતાં. નિર્ણાયક તરીકેની સેવા કુ. શ્રેયા મનોજભાઇ પંચોલીએ આપી હતી. વિજેતા બહેનોને પ્રમુખ શ્રી મીનાબેન છગનભાઇ મિસ્ત્રીના વરદ હસ્તે ઇનામ આપી નવાજયા હતાં. સોનલબેન તરફથી ૨૫મી એનીવર્સરી નિમિત્તે કેક ખવડાવવામાં આવી હતી. સર્વે બહેનોએ એમને શુભેચ્છાઓ પાઠવી હતી. અગામી મિટિંગ ભરૂચ ખાતે જયોતિબેન ચેતનભાઇ પંચોલીના નિવાસ સ્થાને રાખવાનું નકકી કરી અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા...

આજનું દાન....

૨૦૧ તા.૩૦.૧૧.૨૦૧૭ના રોજ સોનલબેન મનોજભાઇ પંચોલીની ૨૫મી મેરેજ એનીવર્સરી નિમિત્તે

૫૧ મીનાબેન ચંદુભાઇ પંચોલી-બર્થડે નિમિત્તે

૫૦ દક્ષાબેન દિનેશભાઇ મિસ્ત્રી-બર્થડે નિમિત્તે

૫૦ મીરાબેન મહેશભાઇ મિસ્ત્રી-બર્થડે નિમિત્તે

**પંચોલી ભગીની સમાજ - રાજપીપલા**

તા.૨૩.૯.૨૦૭ના રોજ નયનાબેન નયનભાઇ પંચોલીને ત્યાં મિટિંગ રાખવામાં આવી હતી. મિટિંથની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. પ્રથમ નયનાબેને ચિકુના જયુશ દ્વારા વેલકમ કર્યુ હતું.

આજરોજ લાલ અથવા મરુન કલરની સાડીની થીમ રાખી હતી જેમાં જે બહેન સુંદર તૈયર થાશે તેમને એમના તરફથી ઇનામ આપવાની જાહેરાત કરી. હતી. જેમાં પ્રથમ :ષાબેન મુકેશભાઇ પંચોલી અને દ્વિતીય જયશ્રીબેન દિપનભાઇ પંચોલી વિજેતા થયા હતાં. લકી ડ્રો કરવામાં આવ્યો જેમાં આજના વિજેતા નયનાબેન પંચોલી લકી બન્યા. નયનાબેને વન મિનિટ ગેમ રમાડી અને નવરાત્રી પ્રસંગે ગરબાની રમઝટ બોલાવી.

૫૧ રાજેશ્રીબેન મહેશભાઇ પંચોલી તરફથી અને

૫૧ જયશ્રીબેન દિપનભાઇ પંચોલી તરફથી જન્મદિવસ નિમિત્તે મળ્યા. અંતમાં નયનાબેન તરફથી શ્રી રામ ડાયનીંગ હોલમાં પંજાબી ડીશનો રસાસ્વાદ માણ્યો. પ્રતિભાબેન સંતશરણ પંચોલીએ નયનાબેનનો આભાર માની તા.૧૮.૧૧.૨૦૧૭ના રોજ મિટિંગની જાહેરાત કરી.

# એકવાર જાવુ હરિના ધામમાં



સંખેડા નિવાસી અને વાડીના વહીવટકર્તા ૩૦ વર્ષ સેવા આપનાર અંબાલાલ છોટાલાલ પંચોલી તા. ૧૩.૧૧.૨૦૧૭ના રોજ હરીના ધામમાં ગયા. ઉ. વ. ૮૫



સંખેડા નિવાસી ગીતાબેન પ્રવિણભાઇ પંચોલી તા. ૨૮.૦૯.૨૦૧૭ના રોજ હરીના ધામ માં ગયા. ઉ. વ. ૬૨



ખડસુપા નિવાસી લીનાબેન ભરતભાઇ મિસ્ત્રી તા. ૧૫.૧૦.૨૦૧૭ના રોજ હરીના ધામમાં ગયા. ઉ. વ. ૪૯



રાજપીપલા નિવાસી તથા શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ ના માજી મહામંત્રી શ્રી ચંદ્રકાંતભાઇ જગદીશભાઇ પંચોલીના માતુશ્રી દેવીલાબેન જગદીશચંદ્ર પંચોલી તા. ૧૯.૧૧.૨૦૧૭ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૭૭

પ્રભુ દિવંગત આત્માને ચિરઃ શાંતિ અર્પે તથા એમના સ્વજનો પર આવી પડેલ આઘાત સહન કરવાની શકિત અર્પે એજ પ્રભુ પ્રાર્થના

# પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગ** ના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર

**SB 014710003655 IFSC code BKDN0210147**

માં જમા કરાવો અને

**કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**

તંત્રી-દિનેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર

**Dinesh : 98241 91930,**
**Malay : 98240 64282**

# શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના નામે વ્યારા શાખાની બેંક ઓફ બરોડાનાં સેવિંગ્સ ખાતા નં.

**02690100010065 IFC Code BARBOVYARAX**

માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...

પ્રમુખશ્રી - હેમંતભાઇ સી. મિસ્ત્રી-સુરત

# હેપી મેરેજ એનીવર્સરી



શ્રીમતિ ધર્મિષ્ઠાબેન તથા શ્રી મહેન્દ્રભાઇ જમનાદાસ પંચોલીએ લગ્ન જીવનની સીલ્વર જ્યુબીલી તા. ૭ મે-૨૦૧૭ના રોજ પૂર્ણ કરવા બદલ સમગ્ર પંચોલી સમાજ હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે.

# ટીપે ટીપે સરોવર ભરાય

રૂા. ૬૦૦/- સ્વ. જેકોરબેન તથા સ્વ. વિઠ્ઠલભાઇ સોમાભાઇ પંચોલીના સ્મરણાર્થે એમના પરિવારજનો તરફથી નવયુગ પોષ્ટીંગ માટે.

રૂા. ૨૦૦/- સુરત નિવાસી શ્રી દિપકભાઇ સન્મુખભાઇ ગાંધી તરફથી પુત્રી માનસીના જન્મદિન નિમિત્તે.

રૂા. ૧૦૦૦/ અમદાવાદ નિવાસી શ્રી જયેન્દ્ર એન. પંચોલી ગુજરાત રાજ્ય લલીતકલા અકાદમીનો ‘ગૌરવ પુરસ્કાર’ ‘રાજ પરિવાર ગૌરવ’ એવોર્ડ મળ્યાની ખુશીમાં

રૂા. ૨૫૧/- અંકલેશ્વર નિવાસી અજયકુમાર ચંદુલાલ પંચોલી તરફથી ચિ. દિશા કકહમાં ઉત્તિર્ણ થઇ તે નિમિત્તે.

રૂા. ૧૦૦/- અંકલેશ્વર નિવાસી રચના અમિતકુમાર પંચોલી ની પ્રથમ એનીવર્સરી નિમિત્તે

રૂા. ૧૦૧/- અંકલેશ્વર નિવાસી અમ્રતભાઇ હરીભાઇ મિસ્ત્રી નવયુગ દિપોત્સવી ભેટ

રૂા. ૧૦૦/- અંકલેશ્વર નિવાસી રમણભાઇ હરકીશનદાસ પંચોલી તા. ૧૭.૧૧.૨૦૭ના રોજ ૮૧મી વર્ષગાંઠ નિમિત્તે

રૂા. ૧૦૦/- અંકલેશ્વર નિવાસી પ્રજેશકુમાર ગુરૂસેવક પંચોલી-નવયુગ દિપોત્સવી ભેટ

રૂા. ૧૧૧/- અંકલેશ્વર નિવાસી બાબુભાઇ હરગોવિંદદાસ પંચોલી-નવયુગ દિપોત્સવી ભેટ

રૂા. ૧૦૦/- અંકલેશ્વર નિવાસી અરવિંદભાઇ નરભેરામ પંચોલી-નવયુગ દિપોત્સવી ભેટ

રૂા. ૧૦૦/- અંકલેશ્વર નિવાસી છગનભાઇ આત્મારામ મિસ્ત્રી-નવયુગ દિપોત્સવી ભેટ

રૂા. ૧૦૦/- અંકલેશ્વર નિવાસી ધવલ રાજેન્દ્રભાઇ મિસ્ત્રી-નવયુગ દિપોત્સવી ભેટ

રૂા. ૧૫૧/- અંકલેશ્વર નિવાસી સંજય અરૂણકુમાર પંચોલી તરફથી પુત્રી રત્ન ‘રુહી’ના જન્મ પ્રસંગ

રૂા. ૧૧૧૧/- દુબઇ(સુરત) નિવાસી શ્રીમતિ ઉર્મિલાબેન તથા શ્રી પ્રમોદચંદ્ર હરકિશનદાસ પંચોલી તરફથી તા. ૧૫.૧૨.૨૦૧૭ના રોજ ૫૧મી મેરેજએનીવર્સરી નિમિત્તે પંચોલી નવયુગને ભેટ..

નવયુગ શુભેચ્છિંતક   શ્રી મુંકુંદલાલ હિરાલાલ પંચોલી   વડોદરા   શ્રી બાબુલાલ રામદાસ મપારા   વડોદરા

**Book-Post**

**Printed Book**

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholinavyug@gmail.com**